પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૮૩ • કુલ પાના : ૪ • તારીખ : ૨૮-૦૩-૨૦૨૩ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં આરક્ષણ મુદ્દે પ્રદર્શન

## યેદિયુરપ્પાના ઘર ઉપર પથ્થરમારો, મુખ્યમંત્રીના પોસ્ટરની હોળી કરવામાં આવી



શિમોગા,

કર્ણાટકનાં શિમોગા જિલ્લામાં આરક્ષણનાં મુદાને લઈને ૨૭ માર્ચ એટલે કે લોકોએ આજે ભાજપ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પાનાં ઘરની બહાર પ્રદર્શન અને પથ્થરમારો કર્યો હતો. આ દરમિયાન પોલીસે બંજારા સમુદાયનાં હજારો પ્રદર્શનકારીઓ પર કાર્યવાહી કરી છે. આ સમુદાય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે આરક્ષણ પર કર્ણાટક સરકારનાં વર્તમાન નિર્ણયનો વિરોધ કરી રહી છે.

પ્રદર્શનકારીઓએ વિરોધ પ્રદર્શિત કરતાં પોલીસ પર પણ પથ્થરમારો કર્યો. બંજારા સમુદાયનું કહેવું છે કે જે રીતે આરક્ષણની વહેંચણી થઈ છે તેમાં તેમનો ભાગ ઓછો થઈ ગયો છે. પ્રદર્શનકારીઓએ મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈનાં પોસ્ટર પણ બાળ્યાં હતાં. કર્ણાટકમાં રાજ્યસરકારનાં અનુસૂચિત જાતિઓની વચ્ચે આંતરિક આરક્ષણ પર એ.જે. સદાશિવ પેનલ આયોગની રિપોર્ટને લાગૂ કરવા માટે કેન્દ્રને ભલામણ કરવાનાં નિર્ણયનાં વિરોધમાં બંજારા સમુદાયે પ્રદર્શન કર્યું.

પોલીસે પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો છે. આ દરમિયાન એક પોલીસકર્મી ઘાયલ થયાં છે. અપ્રિય ઘટનાને રોકવા અને શાંતિ જાળવવા માટે શિકારીપુર કસ્બામાં કર્ફ્યૂ લાગૂ પાડવામાં આવ્યો છે. બંજારા સમુદાયનું માનવું છે કે નવી નીતિથી તેમના હિતોને નુક્સાન પહોંચશે અને તેઓ તેની વાપસીની માગ કરી રહ્યાં છે.

બસવરાજ બોમ્મઈનાં નેતૃત્વવાળી સરકારે કેન્દ્રને શિક્ષા અને નોકરીઓમાં અનુસૂચિત જાતિઓ માટે આરક્ષણનાં એક નવા બ્રેકઅપની ભલામણ કરી છે. તેમણે ભલામણ કરી છે કે એસસી સમુદાય માટે ૧૭% આરક્ષણમાંથી ૬% અનુસૂચિત જાતિ લેફ્ટ, ૫.૫% અનુસૂચિત જાતિ રાઈટ, ૪.૫% છૂત માટે અને ૧% અન્યને ફાળવવામાં આવશે.

અનામત મુદ્દે વિરોધ કરી રહેલા બંજારા સમુદાયના લોકોએ તેમના ઘર પર પથ્થરમારો કર્યો હતો, જ્યારે તેમના નિવાસસ્થાન નજીક એકત્ર થયેલી ભીડને વિખેરવા માટે પોલીસે બળપ્રયોગ કરવાની સાતે સાથે લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. બંજારા સમુદાય અનુસૂચિત જનજાતિ સમુદાયમાં ઈન્ટરનલ રિઝર્વેશનની માગણી કરી રહ્યા હતા.

અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ સમુદાયને આપવામાં આવેલ અનામતમાં ઈન્ટરનલ રિઝર્વેશનને લઈને બંજારા સમુદાયે વિરોધ નોંધાવ્યો છે. શુક્રવારે જ કર્ણાટકની ભાજપ સરકારે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ સમુદાય માટે ઈન્ટરનલ રિઝર્વેશન આપવાની જાહેરાત કરી હતી. એના અનુસાર અનુસૂચિત જાતિ સમુદાયને ૧૭ ટકા રિઝર્વેશન આપવામાં આવ્યું હતું, જે ઈન્ટરનલ રીતે વહેંચવામાં આવ્યું છે, તેથી તેના અંગે વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકારે આ નિર્ણય સદાશિવ પંચની ભલામણને આધારે લીધો છે. બંજારા સમુદાયના પ્રમુખનું કહેવું છે કે સદાશિવ પંચની ભલામણથી તેમના સમુદાયને નુકસાન થશે અને રાજ્ય સરકારે આ નિર્ણયને લાગુ કરવાની જે ભલામણ કેન્દ્ર સરકારને મોકલી છે તે તાત્કાલિક પાછો લેવો જોઈએ.

આ નિર્ણય ૨૦૦૫માં કોંગ્રેસ-જનતા દળ (સેક્યુલર)ની તરફથી બનાવવામાં આવેલા સદાશિવ પંચના એક રિપોર્ટના આધારે લેવામાં આવ્યો છે. અહીં એ જણાવવાનું કે રવિવારે જ કર્ણાટકની ગૃહ પ્રધાન અમિત શાહે મુલાકાત લીધી હતી. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી ૨૦૨૩માં યોજાશે, પરંતુ અત્યાર સુધી તેની તારીખ જાહેર કરવામાં આવી નથી, તેથી અત્યારથી રાજકારણ ગરમાઈ રહ્યું છે.

### ૧૦,૬૦૦ લોકોને રોજગારી મળશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ૧૧,૨૯૧ કરોડના સૂચિત રોકાણો માટે એમઓયુ કરાયાં

ગાંધીનગર,

આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણની આ પ્રતિબદ્ધતામાં રાજ્ય સરકારે ઓક્ટોબર-૨૦૨૨ માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જાહેર કરેલી ‘‘ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ’’ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. આ યોજના અન્વયે રાજ્યમાં જુદા જુદા સ્થળોએ ઉદ્યોગ શરૂ કરવા માટે વિવિધ ઉદ્યોગકારો અને રાજ્ય સરકાર વચ્ચે દર સપ્તાહના પ્રથમ દિવસ એટલે કે સોમવારે એમઓયું કરવાનો નવતર ઉપક્રમ યોજાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ ઉપક્રમના છ તબક્કાઓ તા. ૧૩/૦૨/૨૦૨૩થી ૨૭/૦૩/૨૦૨૩ દરમ્યાન પૂર્ણ થયા છે અને કુલ ૫૯ જેટલા એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આના પરિણામે ગુજરાતમાં કુલ ૯૦,૬૬૫ કરોડ રૂપિયાનું સૂચિત મૂડીરોકાણ આકર્ષિત થયું છે. એટલું જ નહિ, આ ઉદ્યોગો શરૂ થવાથી ૬૫,૪૩૧ જેટલા લોકોને રોજગાર અવસર પણ આવનારા દિવસોમાં મળતા થશે. જે ક્ષેત્રોમાં અત્યાર સુધીમાં એમઓયું થયા છે તેમા કેમિકલ ક્ષેત્રે ૪૦ હજાર, એન્જીનિયરીંગ ક્ષેત્રે ૬ હજાર અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે પાંચ હજાર સૂચિત રોજગારીની તકો ઉપલબ્ધ થશે.


‘‘ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્ટસ ટુ ઈન્ડસ્ટ્રીઝ’’ને વધુ ગતિ આપતાં આ સોમવારે તા.૨૭મી માર્ચે એક જ દિવસમાં ૩ રૈં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ વિવિધ ઉદ્યોગકારોએ કર્યા હતા. ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતીમાં થયેલા આ ૩ રૈં દ્વારા રાજ્યમાં રૂ. ૧૧,૨૯૧ કરોડનું સૂચિત રોકાણ આવશે અને ૧૦,૬૦૦ જેટલી સંભવિત રોજગારીનું સર્જન થશે. આ બહુવિધ એમઓયુ અન્વયે ફાર્માસ્યુટિકલ્સ અને સોડાએશ ઉદ્યોગોમાં રોકાણો આવશે. રૈં કરનારા ઉદ્યોગોમાં બે ભારતીય કંપની અને એક જાપાનિઝ કંપનીએ અનુક્રમે નખત્રાણા, વાલિયા અને સાણંદ ખાતે પોતાના ઉત્પાદન એકમો શરૂ કરવામાં રસ દાખવ્યો છે. આ ‘‘આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ’’ અન્વયે રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટે જર્મની, યુ.એસ.એ, યુ.કે, કુવૈત, મલેશિયા સહિતના અન્ય દેશોએ પણ આ પહેલા રૈં કરેલા છે. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાની એ રાજ્ય સરકાર વતી તથા સંબંધિત ઉદ્યોગકારોએ પોતાના એકમો વતી રૈં પર હસ્તાક્ષર કરીને મુખ્યમંત્રી તથા મંત્રીઓ સમક્ષ આપ-લે કરી હતી. આ અવસરે મુખ્ય સચિવ રાજકુમાર, ઉદ્યોગ કમિશનર રાહુલ ગુપ્તા તેમજ ઈન્ડેક્ષ્ટ–બી ના એમ.ડી. મમતા હિરપરા અને વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ૨૦૨૪માં વિપક્ષની એકજૂટતા મોદી સરકારનું ગણિત બગાડી શકે

નવીદિલ્હી,

આગામી લોકસભાની ચૂંટણી અંગે અત્યારથી જ તમામ પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભાજપ ફરી એકવાર પૂર્ણ બહુમત સાથે સરકારમાં વાપસી કરવાની રણનીતિ તૈયાર કરી રહ્યો છે ત્યાં વિપક્ષ ૨૦૨૪માં ભાજપને ઘેરવાના પ્રયાસો કરી રહ્યો છે. આ દરમિયાન દેશની પ્રજાનો મૂડ જાણવાનો દાવો કરતો એક સરવે સામે આવ્યો છે. સરવેમાં એ જાણવાનો પ્રયાસ કરાયો હતો કે જો હાલમાં લોકસભા ચૂંટણી યોજાય તો કોને બહુમત મળશે? જોકે સરવેના પરિણામો ચોંકાવનારા રહ્યા હતા. એક સરવેમાં લોકોએ આ સવાલનો જવાબ આપ્યો હતો કે જો હાલમાં ચૂંટણી યોજાય તો ફરી એનડીએની સરકાર રચાઈ શકે છે. જોકે કોંગ્રેસના પ્રદર્શનમાં સુધારો થયો છે પરંતુ તે એટલી હદે નથી કે મોદી સરકારને સત્તાથી દૂર કરી શકે. જોકે સરવેમાં ભલે એનડીએને બહુમત મળતો બતાવાયો હોય પણ આંકડા તેની તરફેણમાં નથી. આંકડા જણાવે છે કે જો વિપક્ષ એકજૂટ થઈ જાય તો ભાજપ તેના હાથમાંથી સત્તા ગુમાવી દેશે. ચાલો આંકડાથી સમજીએ. સરવે મુજબ લોકસભાની ૫૪૩ સીટોમાંથી ૨૯૮ સીટો એનડીએ ગઠબંધનને મળી રહી છે. જ્યારે કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુપીએ ગઠબંધનને ૧૫૩ સીટો મળી રહી છે. જ્યારે અન્ય પક્ષોના ખાતામાં ૯૨ બેઠકો આવી રહી છે. ટકાવારીની વાત કરીએ તો એનડીએને ૪૩ ટકા, યુપીએને ૩૦ ટકા અને અન્યને ૨૭ ટકા વોટ મળતા દેખાઈ રહ્યા છે. સરવેમાં આ સ્થિતિ ત્યારે જોવા મળી રહી છે જ્યારે વિપક્ષ એકજૂટ નથી. કેસીઆર અલગ રાષ્ટ્રીય પાર્ટી સાથે કેન્દ્ર તરફ મીટ માંડીને બેઠા છે. જ્યારે આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના સીએમ કેજરીવાલ પણ રાષ્ટ્રીય સ્તરે ચૂંટણી લડવાનું સપનું જોઈ રહ્યા છે. મમતા બેનરજી અને નીતીશ કુમારને લઈને પણ અવારનવાર ચર્ચા થતી રહે છે. એવામાં જો વિપક્ષ એજૂટ થાય તો લોકસભામાં બાજી પલટાઈ શકે છે.

## સુપ્રીમે બેંકોને આપ્યો મોટો ઝટકો, લોન લેનારાનો પક્ષ સાંભળ્યા વગર ખાતા ફ્રોડ જાહેર ન કરો



નવીદિલ્હી,

બેંક લોન મામલાઓ સંદર્ભે સુપ્રીમ કોર્ટે આજે એક મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જ્યાં સુધી લોન લેનારાઓનો પક્ષ સાંભળવામાં ન આવે ત્યાં સુધી તેમના ખાતાને ’ફ્રોડ જાહેર’ કરવામાં ન આવે. સુનાવણીની તક આપ્યા વગર લોન લેનારાઓના ખાતાઓને ફ્રોડમાં વર્ગીકરણ કરવાથી ગંભીર સિવિલ પરિણામ આવી શકે છે. આ એક પ્રકારે લોન લેનારાઓને ’બ્લેક લિસ્ટ’ માં નાખવા સમાન છે. આથી ફ્રોડ પર માસ્ટર નિર્દેશો હેઠળ ઉધાર લેનારાને સુનાવણીની તક મળવી જોઈએ.

કોર્ટે કહ્યું કે ઓડી અલ્ટરમ પાર્ટેમના સિદ્ધાંતોને ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંક ખાતાઓના ફ્રોડ ખાતામાં વર્ગીકરણ પર બહાર પાડવામાં આવેલા નોટિફિકેશનમાં વાંચવામાં આવે. આ પ્રકારનો નિર્ણય એક તર્કપૂર્ણ આદેશ દ્વારા થવો જોઈએ. એવું ન માની શકાય કે માસ્ટર સર્ક્યુલર કુદરીત ન્યાયના સિદ્ધાંતોને બહાર કરે છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચૂડ અને ન્યાયમૂર્તિ હિમા કોહલીની બેન્ચે ડિસેમ્બર ૨૦૨૦માં તેલંગણા હાઈકોર્ટ દ્વારા અપાયેલા ચુકાદાને યથાવત રાખ્યો છે.

બેન્ચે ગુજરાત હાઈકોર્ટના તે ચુકાદાને પણ રદ કર્યો જે તેનાથી વિપરિત હતો. તેલંગણા હાઈકોર્ટે કહ્યું હતું કે ઓડી અલ્ટરમ પાર્ટેમનો સિદ્ધાંત એટલે કે પક્ષને સુનાવણીની તક આપવી, પછી ભલે તે ગમે તેટલો નાનો કેમ ન હોય, કોઈ પાર્ટીને ’ફ્રોડ કરજદાર’ કે ’ફ્રોડવાળા ખાતાનો ધારક’ તરીકે જાહેર કરતા પહેલા લાગૂ થવો જોઈએ.

## અમદાવાદમાં પકડાયેલ ૧૮૦૦ કરોડના ક્રિકેટ સટ્ટા કૌભાંડમાં SITની રચના



અમદાવાદ,

અમદાવાદના માધુપુરામાં આવેલા સુમેલ બિઝનેસ પાર્કમાં આવેલી એક ફર્મમાં પીસીબી દ્વારા શનિવારે પાડવામાં હતા. જેમાં રૂપિયા બે હજાર કરોડના ક્રિકેટ સટ્ટા નેટવર્ક અને ડબ્બા ટ્રેડીંગના ગુજરાતના અત્યાર સુધીના સૌથી મોટા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સાથેસાથે પોલીસે ૧૯૩ સીમ કાર્ડ, ૫૩૮ ડેબીટ કાર્ડ, ચેકબુક જપ્ત કરી છે. બિઝનેસ ફર્મની આડમાં દુબઈમાં રહેતા બુકીઓ સાથે ક્રિકેટ સટ્ટાનું સૌથી મોટું નેટવર્ક પણ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ત્યારે પીસીબીએ આ અંગે ચાર લોકોની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. આ સટ્ટા કૌભાંડમાં હવે એસઆઈટીની રચના કરવામાં આવી છે.

બે હજાર કરોડનું આ કૌભાંડ પાંચ હજાર કરોડ સુધી પહોંચવાની શક્યતાઓ છે. આ કૌભાંડની તપાસ માટે એસઆઈટીની રચના કરવામાં આવી છે. જેમાં ૨ પીઆઈ,૧ એએસઆઈ,૧ સીએ,૧ લીગલ ઓફિસરની નિમણૂંક કરાઈ છે. સમગ્ર સટ્ટાકાંડમાં છેલ્લા બે વર્ષમાં ૧૦ હજાર કરોડથી વધુના વ્યવહાર કરાયા હોવાની માહિતી મળી છે. પોલીસ તપાસમાં દુબઈથી આ કૌભાંડ ચાલતુ હોવાનો ખુલાસો થયો છે. કૌભાંડના ચાર આરોપીઓએ દુબઈમાં તાલિમ લીધી હોવાના ઈનપુટ પણ પોલીસને મળ્યાં છે. હાલમાં પોલીસને મળેલા વ્યવહારો અને ડેટા પર એનાલિસિસ થઈ રહ્યું છે. આ કેસમાં છેક દુબઈ સુધીના તાર હોવાથી ઈડી, ગૃહ મંત્રાલય, વિદેશ મંત્રાલય સહિતને જાણ કરવામાં આવશે.

આ તપાસનું સુપરવિઝન અમદાવાદ પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ કરશે. તે ઉપરાંત ફોરેન્સિક એક્સપર્ટ, સીએ અને બેંક એક્સપર્ટની તપાસ માટે મદદ લેવાશે. આ ઈન્ટરનેશનલ કૌભાંડ મહાદેવ એજન્સીના એમપીના સૌરભ ચંદ્રનાગર થકી ચાલતું હતું. હવે બેંકના નોડલ ઓફિસરને બોલાવી બેંક એકાઉન્ટની માહિતીઓ મંગાવાશે.મુખ્ય સંચાલક મહાદેવ પાસે ૫૦ થી ૬૦ લોકોની એનાલિસિસ ટીમ હતી. આ ટીમ દુબઈ બેઝ હોવાનું સામે આવ્યું છે. પાંચ કરોડમાં નોન રીફન્ડેબલ એક ફ્રેન્ચાઈઝી મહાદેવ વેચતો હતો. જેથી હવે બધા આરોપીઓની સિટીઝનશીપ બાબતે તપાસ કરાશે. અમુક એકાઉન્ટ ડમીની સાથે ભાડે આપ્યા હોવાની દિશામાં તપાસ કરાશે.

વન માધવ નામની ઓનલાઈન એપ્લિકેશનનો માલિક સૌરભ ચંદ્રાકાર છે. અગાઉ પણ સ્વરૂપ ચંદ્રાકારની વિરુદ્ધમાં અનેક ગુનાઓ નોંધાયા છે. પરંતુ આજ દિન સુધી દેશની એક પણ પોલીસ તેને પકડી શકી નથી. કારણ કે સ્વરૂપ ચંદ્ર દુબઈમાં બેસીને મસ્ત મોટું હવાલા રેકેટ ચલાવી રહ્યો છે. જોકે તેમાં ગુજરાતમાં અમદાવાદ હવાલા કૌભાંડ માટેનું હબ બની ગયું છે અને તેના કારણે જ ક્રિકેટ મેચના સટ્ટા કે શેર બજારના સટ્ટા ગમે ત્યાંથી રમાતા હોય છે. પરંતુ તેના પૈસાની હેરાફેરી તો અમદાવાદમાંથી જ કરવામાં આવે છે. આ તો માત્ર એક નાનું રેકેટ પકડાય છે પરંતુ આ રેકોર્ડનો છેડો છેક ૧૦,૦૦૦ કરોડથી પણ વધારેનો હોવાનું પોલીસ સૂત્ર તરફથી જાણવા મળ્યું છે.

## મુખ્યમંત્રી એકનાથ શિંદે રાજ ઠાકરેના ઘરે ગયાં. ચર્ચાનું બજાર ગરમ



મુંબઈ,

એનએનએસ પ્રમુખ રાજ ઠાકરેએ ગુડીપડવાની બેઠકમાં માહિમમાં દરિયામાં બનેલા અનધિકૃત બાંધકામોનો મુદ્દો મુખ્યમંત્રી એકનાથ શિંદેના ધ્યાન પર લાવ્યો હતો. આ સમયે તેમણે સરકારને આ અનઅધિકૃત બાંધકામ તાત્કાલિક દૂર કરવા પણ જણાવ્યું હતું. તેમની માંગના ૨૪ કલાકની અંદર સરકારે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને આ અનધિકૃત બાંધકામ દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ ઘટના પછી બંને વચ્ચેની મુલાકાત બાદ આ બેઠકનું એક અલગ જ મહત્વ બની ગયું છે. એક તરફ, જ્યારે ઉદ્ધવ ઠાકરે નાશિકના માલેગાંવમાં બેઠક કરી રહ્યા હતા, ત્યારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે રાજ ઠાકરેને તેમના નિવાસસ્થાન ’શિવતીર્થ’ પર મળવા ગયા હતા. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી નજીકના ભવિષ્યમાં યોજાવાની છે. આથી આ મુલાકાતને મહત્વ મળ્યું છે. રાજ ઠાકરેએ જાહેર સભામાં બધાની સાથે એકનાથ શિંદેને પણ કેટલીક સલાહો આપી હતી. આ પૃષ્ઠભૂમિમાં બંને વચ્ચે બેઠકમાં શું ચર્ચા થશે તે અંગે રાજકીય વર્તુળોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

## નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી હવામાનમાં ફેરફારની શક્યતા: હિમાચલમાં હિમવર્ષાની શક્યતા, ૩૦ માર્ચથી અનેક રાજ્યમાં વરસાદ

નવીદિલ્હી,

હાલમાં જ એક નવા સર્જાયેલું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૩૦ માર્ચ સુધી હિમાલય સુધી પહોંચી જશે. તેના કારણે ગાજવીજ સાથે ફરી એકવાર વરસાદ શરૂ થવાની શક્યતા છે. તેના કારણે પંજાબ, રાજસ્થાન, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશાથી થઈને પશ્ચિમ બંગાળ સુધીના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાશે. આગામી ૨૪ જ કલાકમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને અરુણાચલ પ્રદેશમાં પણ સામાન્યથી મધ્યમ વરસાદ તેમજ હિમવર્ષા થવાની પણ શક્યતા છે. જોકે, ઉત્તર ભારતમાં આકાશ સ્વચ્છ રહેશે.

હવામાન વિભાગ તેમજ ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટના મતે, દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન પર ચક્રવાતી હવાઓનું ક્ષેત્ર સર્જાયું છે, જ્યારે તેલંગાણા, દક્ષિણ છત્તીસગઢ અને આંતરિક ઓડિશાથી પસાર થઈને ઝારખંડ સુધી એક દબાણી રેખા પણ છે. તેના કારણે હવામાનની ગતિવિધિમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં હળવાથી મધ્યમ વરસાદ પછી હવામાન બદલાયું છે, જેથી માર્ચ મહિનાની ગરમીથી થોડી રાહત મળી છે. જોકે, આ પ્રકારના હવામાનથી અનેક રાજ્યોના લાખો ખેડૂતોની ચિંતા વધી ગઈ છે.

## ગુજરાત વિધાનસભામાં હોબાળો: કોંગ્રેસના તમામ ધારાસભ્યો સસ્પેન્ડ, ટીંગાટોળી કરીને બહાર કઢાયા



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભામાં આજે કોંગ્રેસના તમામ ધારાસભ્યોએ કાળા કપડાં પહેરી વિરોધ નોંધાવ્યો હતો. રાહુલ ગાંધીના સમર્થનમાં ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોએ દેખાવ કર્યા હતા. વિધાનસભા પ્રવેશ દ્વાર પાસે ધારાસભ્યોએ નારેબાજી કરી હતી. રાહુલ ગાંધી સામે થયેલ કાર્યવાહીનો ધારાસભ્યોએ વિરોધ કર્યો હતો. અદાણી મામલે જેપીસીની કોંગ્રેસ દ્વારા માંગ કરાઈ હતી. જેના બાદ કોંગ્રેસના તમામ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. વિધાનસભા અધ્યક્ષ દ્વારા નિયમ ૫૧ હેઠળ કોંગ્રેસ ધારાસભ્યોને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા. જેના બાદ કોંગ્રેસના ધારાસભ્યોને ટીંગાટોળી કરીને ગૃહની બહાર કાઢવામાં આવ્યા. આજના એક દિવસ માટે કોંગ્રેસના તમામ ધારાસભ્યોને સસ્પેન્ડ કરાયા હતા. રાહુલ ગાંધીની સભ્યતા રદ કરાતા યૂથ કોંગ્રેસનું દેશભરમાં પ્રદર્શન ચાલી રહ્યું છે. વિપક્ષના અનેક સભ્યો કાળા કપડાં પહેરીને સંસદ ભવનમાં પહોંચ્યા છે. આજે સભ્યતા રદ કરવાનો મુદ્દો કોંગ્રેસ સંસદમાં ઉઠાવશે. ત્યારે રાહુલ ગાંધીના સમર્થનમાં કોંગ્રેસનો રાજ્યભરમાં વિરોધ ચાલી રહ્યો છે. કાળા કપડાં પહેરી ગુજરાત કોંગ્રેસ નેતાઓએ વિધાનસભાના પગથિયે વિરોધ દર્શાવ્યો. વિધાનસભામાંથી સસ્પેન્ડ કરવા મુદ્દે વિપક્ષના નેતા અમિત ચાવડાએ કહ્યું કે, કોઈ કાયદો હોવા ન છતાં વિપક્ષનું પદ અપાયુ નથી. પહેલાં માહિતી ૧૦ વર્ષની મળતી અત્યારે ૨ વર્ષથી વધારે માહિતી નથી આપતા. કેટલાક વિભાગ માં માહિતી અધિકારનો કાયદો નથી લાગતો. બંધારણીય સંસ્થામાં વિપક્ષને બોલવા ન દેવા, ધારાસભામાં કોંગ્રેસને માત્ર ૧૪ મિનિટ એ બતાવે છે કે કોઈએ કંઈ બોલવાનું નહી. જિગ્નેશ મેવાણી પર કેમ કેસ થયા? હાર્દીક પટેલ કેમ ભાજપમાં ગયો ? બધા કેસ સમાપ્ત અને હાર્દીક પટેલ પવિત્ર છે. સુરતની હકીકત પણ આવનારા દિવસોમાં સામે આવશે. ભાજપની સરકાર તાનાશાહી કરી રહી છે. કોંગ્રેસ વિરોધ કરે એ ભાજપને પોષતું નથી એ પણ કોઈ પણ સ્થળ હોય. ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોને સસ્પેન્ડ કરાયા બાદ અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે, ગુજરાતના પ્રજાના પ્રશ્નોના સમયને આ રીતે રાજકીય વિરોધ માં બગાડી શકાય નહીં એટલે કોંગ્રેસના ધારાસભ્યને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. પ્રશ્નોત્તરી બાદ આ સંદર્ભે સંસદીય મંત્રી પોતાને જે કહેવું હોય તે કહે. અધ્યક્ષની ટકોર બાદ કોંગ્રેસના સભ્યોની ગેરહાજરીમાં પ્રશ્નોત્તરીનો પ્રારંભ કરાયો.


અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

સીમલીયા સેવા સંઘ

તરફથી અભીનંદન....

મુ. સીમલીયા,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ



અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

પી. કે. બારીયા

તરફથી અભીનંદન....

મુ. ગોઠલી,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાં NSS યુનિટની વાર્ષિક શિબિરનું પદ્મ પ્રવીણ દરજીની અધ્યક્ષતામાં સમાપન

સંતરામપુર,

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરની એન.એસ.એસ. યુનિટની વાર્ષિક શિબિર તા.૨૦/૩/૨૦૨૩ થી ૨૬/૩/૨૦૨૩ સુધી નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળા, નરસીંગપુર, તાલુકો-સંતરામપુર મુકામે યોજાઇ હતી. સાત દિવસ સુધી ચાલેલી આ શિબિરમાં વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ ઘડતર અને સામાજિક જાગૃતિનીને લગતી અનેક વિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. સાયબર ક્રાઇમ, માર્ગ સલામતી, પોક્સો એક્ટ, અંધશ્રદ્ધા અને ચમત્કાર નિવારણ, એનીમિયા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

ચેકપ, થેલેસેમીયા ચેકપ, ચકલીના માળાનું વિતરણ, યોગ અને ગ્રામિણ રમતો, સ્વચ્છતા,વ્યસન મુક્તિ જેવા વિષયોને આવરી લઈને શિબિર સંપન્ન થઈ હતી. આજે સમાપન સમારોહ હતો. સમાપન સમારોહના અધ્યક્ષ તરીકે પદ્મ પ્રવીણ દરજી ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે કોલેજના આચાર્ય અભય પરમાર તેમજ આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના અધ્યાપક મિત્રો, શાળાના શિક્ષક મિત્રો તેમજ ૭૦ જેટલા એન.એસ.એસ. વોલેન્ટિયર, મોટી સંખ્યામાં શાળાના બાળકો અને ગ્રામજનો હાજર રહયા હતા. આ સમારંભમાં શાળાની બાળાઓએ સ્વાગત ગીત અને ટીમલી નૃત્ય રજૂ કર્યું હતું. જ્યારે એન.એસ.એસ. વોલન્ટીયર્સ દ્વારા દેશભક્તિ ગીત ઉપર નૃત્ય, આદિવાસી લોક નૃત્ય, રાજસ્થાની લોક ડાન્સ,, "મહાત્મા ગાંધીના ત્રણ વાંદરા-૨૧મી સદીમાં" નામનું રમુજી નાટક તેમજ કવાલી પ્રસ્તુત કરી હતી. પદ્મ પ્રવીણે શિબિરની પ્રવૃત્તિઓને વખાણી હતી. NSS PO ડો. અમૃતભાઈ ઠાકોરે શિબિરમાં થયેલી પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.

# પૂર્ણા યોજના અંતર્ગત સશક્ત અને સુપોષિત કિશોરી અભિયાન મેળો મહીસાગર જિલ્લાના લુણાવાડા મોતીબાગ પાર્ટી પ્લોટ ખાતે યોજાયો

મહીસાગર,

મહિલાઓ પગભર બને, સમાજમાં સન્માન ભર્યું જીવન જીવી શકે અને બાળપણ તથા યુવાવસ્થાથી જ તેમને લગતી યોજનાઓ અને કાયદાઓની માહિતી મળે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત "કિશોરીઓ કુશળ બનો " તે સુત્રને સાર્થક કરવા માટે પુર્ણા યોજના અંતર્ગત સશક્ત અને સુપોષિત કિશોરી અભિયાન મેળાઓનું સમગ્ર ગુજરાતમાં આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર અને મહિસાગર કલેક્ટર ભાવીન પંડ્યાની ઉપસ્થિતિમાં મોતીબાગ પાર્ટી પ્લોટ ,લુણાવાડા ખાતે સશક્ત અને સુપોષિત કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે મહિસાગર જિલ્લા પંચાયત પ્રમુખ રમીલબેન ડામોરે જણાવ્યું હતું કે, મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક આઈ.સી.ડી.એસ. ખાતે વર્ષ ૨૦૧૮-૧૯ થી પૂર્ણા યોજના અમલમાં છે. કિશોરીઓ કુશળ બનો " તે સુત્રને સાર્થક કરવા સરકાર કિશોરીઓ તથા મહિલાઓની તમામ સમસ્યાઓ નિવારવા હંમેશા પ્રયત્નશીલ છે. આજે મહિલાઓ માટે રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની અનેક યોજનાઓ ઉપલબ્ધ છે. ત્યારે મહિલાઓ અને કિશોરીઓ વિવિધ વિભાગ હેઠળની આ યોજનાઓ વિશે જાણે અને તેનો લાભ મેળવે તેમજ અન્ય જરૂરિયાતમંદ મહિલાઓને આ યોજનાઓની માહિતી આપી તેમને આ યોજનાઓનો લાભ લેવા માટે પ્રેરે તેવો આ કિશોરી મેળાનો હેતુ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તરૂણીઓ સ્વસ્થ જીવનની દિશામાં વિશ્વાસ પૂર્વક પગલાં માડી શકે તે માટે પૂર્ણા યોજના અમલમાં છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકરી કે.ડી.લાખણી એ જણાવ્યું હતુ કે , પૂર્ણા શક્તિના પેકેટમાં પોષકતત્વો ભરપૂર માત્રામાં હોય છે, તેમાંથી અલગ અલગ સ્વાદિષ્ટ વાનગીઓ બને છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ ઉપયોગી છે. સરકારની અનેકવિધિ યોજનાઓ થકી મહિલાઓની જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે.

આ પ્રસંગે બેંક મેનેજર દ્વારા બેંક વિશે માહિતગાર કરવામા આવ્યા હતાં સાથે તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા કિશોરીઓના આરોગ્યને લગતી તેમજ એનીમિયાના નિરાકરણ માટેના પગલાં માટે વિસ્તૃત માહીતી આપી હતી. દહેજ પ્રતિબંધક અધિકારી દ્વારા મહિલા કલ્યાણ હસ્તક કાર્યરત બેટી બચાવો બેટી પઢાવો યોજનાની સમજ આપવામાં આવી હતી. આઇ.ટી.આઇ. અધિકારી, બેંક મેનેજર, સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા પોત પોતાના વિભાગોને લગતી માહીતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમના સ્વાગત પ્રવચનમાં આઇસીડીએસ પ્રોગામ ઓફિસર દક્ષાબેન તાવિયાડે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રસંગે કિશોરીઓ દ્વારા પોષણ અને આરોગ્ય ને લગતી થીમ પર ગરબો યોજવામાં આવ્યો હતો. ઉપરાંત વિવિધ વિભાગો દ્વારા મહિલોની લાગુ પડતી યોજનાઓ, અભિગમો અને કાયદાઓની માહિતી મહિલાઓએ અને ખાસ કરીને કિશોરીઓને મળી રહે તે હેતુથી સ્ટોલ પણ રાખવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો કિશોરીઓને તેમના હક જેવા કે, શિક્ષણ, સશક્તિકરણ, પોષણ, સ્વાસ્થ્ય, દીકરા અને દીકરી ભેદભાવ રહિત સમાજની સ્થાપના કરીશુ તે બાબતની પ્રતિજ્ઞા લઈને બોર્ડ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સુપોષિત કિશોરીઓ જેઓનું હિમોગ્લોબીન સારૂં હોય તેમને પૂર્ણા કપ આપીને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવી હતી. વ્હાલી દિકરી યોજનાના લાભાર્થીઓને મંજૂરી હુકમ આપવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે મહિસાગર જીલ્લા મહીલા અને બાળવિકાસ ચેરમેન મધુબેન ધામોત, આઇસીડીએસ વિભાગ તથા જિલ્લા વહિવટીતંત્રના અધિકારી, કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં કિશોરીઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તૃષણા

તૃષણા એટલે ભૂંડી લાગણીનો ભંડાર


જીજ્ઞા કપુરીયા (નિયતી)

ખરેખર ક્યારેક એમ થાય છે, કે કુદરતે માણસ બનાવીને ખરી કમાલ કરી છે! પરંતુ આ મનુષ્યને એમને એમ નથી રાખ્યો. એનામાં અનેક લાગણીઓ અને તૃષણાઓથી ભરીને મોકલ્યો છે. એમાંય સૌથી અગત્યની બાબત છે તૃષણા.

આ તૃષણા પણ કેવી, માત્ર પેટને ભરવાની વાત નહીં. અનેક પરિબળો તેની સાથે સંકળાયેલ છે. કંઈ પામવાની તૃષણા, કંઈ કોઈનું પડાવી લેવાની તૃષણા. નશ્વર છે એ ખબર છે છતાંય જાતિય વિજાતિય શરીરને પીંખીને નાથી દેવાની ભૂખ. સત્તા અને સન્માનની તૃષણા...

સન્માનની તો કેવી તૃષણા કે કોઈ એમની લાલસા પરિપૂર્ણ ન કરે તો તમારાં દુશ્મનોની ટોળીમાં એક નામનો વધારો થઈ જશે અનેક તૃષણાની આગ જીવતર બાળી દે તેવી હોય છે. કેટલું ખોઈ બેસાય છે આવી તૃષણાને પોષવાના પ્રયત્નો કરવા જતાં.

સમાજમાંથી જ દૂર ફેંકાય જવાનાં અનેક ઉદાહરણ છે.

ઘણી વખત મને એમ થાય છે કે આવી વિકૃત માનસિકતા ધરાવતા લોકોને જવાબ આપવા કરતાં મૌનધારણ કરવામાં જ મજા છે એમાં આપણી કિંમત વધે છે. સમાજમાં પગખેંચવાવાળાની કમી નથી. મિત્રો હું તો કહીશ કોઈ તમને નીચા પાડવાની ગમે એટલી કોશિશ કરે પણ આપણે તો સ્પ્રિંગની જેમ આગળ નીકળી જ જવાનાં. કોઈની લીટી ભુંસવા કરતાં આપણી લીટીનો વિસ્તાર વધારો તો જ તમે નામના મેળવી શકશો. નહીં તો વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.

મિત્રો, એમાંય પેટના ખાડાની વાત સૌથી અગત્યની છે. તેની પાછળ જ બધી મથામણ છે. યેનકેન પ્રકારે થતી કમાણી અને તેમાંથી મેળવાતું અન્ન અને એ ખોરાકમાંથી મળતું પોષણ, શક્તિ અને ઊર્જા શરીર માટે અતિ મહત્વનું છે. કેવો ખોરાક લેવાય છે? તેને મેળવા કેવી મહેનત થાય છે? એ જોવું પણ એટલું જ જરૂરી છે. પ્રારબ્ધ અને પુરૂષાર્થની તુલના અહીં પણ ચોક્કસથી લાગુ પડે છે. કારણ કે કોઈને માત્ર નસીબને જોગે રૂપાની ચમચીએ કોળિયા મળે છે, તો કોઈ કાળી મજૂરીએ માંડ અડધો રોટલો રળે છે. ત્યારે ખરેખર ઈશ્વરીય વિધાતાની લીલાને માનવાનું મન થઈ આવે.

કોઈ ઓનલાઈન રેસ્ટોરંટ ફૂડ ડિલિવરી બોય, કોઈના ઘરે ગરમાગરમ ભોજન અને એ પણ એણે ક્યારેય ચાખ્યું પણ ન હોય એવું આપવા નીકળી પડે સ્કુટર પર ડબ્બામાં પેક કરીને આપણે સુધી પહોચાડે છે તેને એ વાનગી ચાખી લેવાનું મન થયું હશે !

ગરીબી, ભૂખ, જવાબદારીઓ, કુટુંબના ભરણપોષણની ચિંતા જેવા અનેક બોજ લઈને ફરતાં આ પ્રકારના જહેમતથી કામ કરતા વર્ગની સાચે જ ક્યારેક જીવન રફતાર જોવા જેવી હોય છે. એ વિશ્વાસુ હોય જ છે, છતાંય પહેલી શંકાય એના પર જ જતી હોય છે. કેમ કે તે એકલો નથી હોતો એની પાછળ હોય છે સતત પેટાયેલી અનેક જાતની ભૂખની આગની જવાળ. અનેકવિધ જવાબદારીઓની વણજાર અને કેટકેટલીય તૃષણાઓનો તલસાટ!

આ પ્રકારના અનેક મહેનતની રોજી મેળવનાર પાસે રોજેરોજનું અસ્તિત્વ ટકાવવાની અને જે મળે તે, તેની સાથે જે બને તે પચાવાની હિંમત હોય છે. એજ જીવન સાથે તાલ મીલાવી કદમતાલ કરવાની હિંમ્મત કરી શકે છે. બાકી તો જીવન એલોકો માટે સરળ જ છે, જેઓ ઓનલાઈન ઓર્ડર કરીને નાસ્તા મંગાવી શકે છે.

બીજી પણ અનેક પ્રકારની ભૂખ હોય છે એમાં શારીરિક ભૂખને લીધે તો બળાત્કાર જેવાં ગુના કરતાં પણ માનવી ખચકાતો નથી ! જ્યારે આવી બધી તૃષણાઓથી મુક્ત થઈ જશુ તો જય રામરાજ્ય અવશ્ય આવશે. છેલ્લે મારી એક કવિતા...

**કરી તો જુઓ**

સુખ છે ક્ષણભંગુર, દુઃખને કદી માણી તો જુઓ.
પ્રભાત છે નિશ્રિત,
અંધકારને કદી ઝીલી તો જુઓ.

જીવનમાં પડકારો છે ક્ષણિક,
કુદરતનાં વ્હાલને જીરવી તો જુઓ.

તરસ અને તૃષ્ણાનો છે તલસાટ,
મહેનતથી અસ્તિત્વ ટકાવી તો જુઓ.

અબોટ તો વેલ પર પુષ્પ રહે છે કયાં?
કાંટાળી આવરણમાં મહેકવું તો જુઓ.

ખરા અર્થમાં સ્ત્રી તો છે સુલક્ષણા,
એની જીભમાં ઝેર સાચવવાની ક્ષમતા તો જુઓ.

ચંદ્રની ધરતી પર જવા ઈચ્છતો માનવ,
પોતીકાનાં હૃદયમાં સ્થાન બનાવી તો જુઓ.

નાની નાની બાબતમાં ખોટું લગાવવાની કયાં જરૂર,
મનમોટું રાખી "લેટ ગો" કરી તો જુઓ.

ધ્યાન, ધગસ અને ધીરજમાં છે સફળતા,
તો વણકહી વાતનો ડુમો ગળી તો જુઓ.

# મુનપુર કોલેજ ખાતે "ભારતીય સાહિત્ય : આસ્વાદ ઔર સમીક્ષા" વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો




લુણાવાડા,

મહીસાગર જિલ્લાના મુનપુર ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી અને એમ.જી.એસ. કેળવણી મંડળ સંચાલિત સી.આર. ગાર્ડી આર્ટસ કોલેજના સંયુક્ત ઉપક્રમે "ભારતીય સાહિત્ય-આસ્વાદ ઔર સમીક્ષા" વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કેળવણી મંડળના પ્રમુખ ડો. હિરેન પંડ્યાની અધ્યક્ષતામાં મૂર્ધન્ય સાહિત્યકાર પદ્મ ડો. પ્રવીણ દરજીના બીજરૂપ વક્તવ્યથી પરિસંવાદનો પ્રારંભ થયો હતો. આ પરિસંવાદમાં સેન્ટ્રલ યુનિવર્સિટીના પ્રોફેસર ડો. અને એકઝામ કન્ટ્રોલર સંજીવકુમાર દુબે, ડો.ઓમપ્રકાશ શુક્લ, ડો.યશવંત શર્મા, ડો.પરેશ પારેખ તથા ગુજરાતી ગઝલના ખ્યાતનામ સર્જક ડો.જૈમિની શાસ્ત્રી સહિત ગણમાન્ય વક્તાઓએ સમગ્ર સેમિનારને માહિતી સભર બનાવ્યો હતો. આ પરિસંવાદ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, મરાઠી અને અંગ્રેજીમાં વિશિષ્ટ કૃતિઓના આસ્વાદ અને સમીક્ષા પર કેન્દ્રિત કરવામાં આવ્યો હતો. જેમાં સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી વિષયના શિક્ષકો, સંશોધકો અને સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને તમામ ભાષા-સાહિત્યપ્રેમીઓએ ભાગ લીધો હતો અને તેમને સંશોધક વિષયને લગતું પોતાનું સંશોધન પેપર રજૂ કરવાની તક મળી હતી. સંયોજક ડો. સુશીલા વ્યાસ અને આચાર્ય ડો. મહેશ મહેતાએ સૌ મહાનુભાવો અને સહભાગીઓને આવકારતા અંતરિયાળ વિસ્તારમાં રાષ્ટ્રીય પરિસંવાદની તક બદલ ગુજરાત સાહિત્ય અકાદમીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સંતરામપુરના સગવડીયા ગામે નદીમાં ન્હાવા પડેલ બે યુવાનો ડુબ્યા : બન્ને યુવાનોના મૃતદેહ મળ્યો

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના સગવડિયા ગામે નદીમાં નાહવા પડેલા બે યુવાનો ડૂબી જતા સંતરામપુર તાલુકાના સગવડિયા ગામે ચાર યુવાનો ભેગા મળીને ખેતરમાં કરેલું ઘાસ સુંઢિયું જોવા માટે નીકળી ગયા હતા. ત્યારે એક જ કુટુંબના ચાર યુવાનો બે જણા કુવા પાસે બેઠા અને બે જણા નાહવા પડેલા હતા. વિજયભાઈ મોતીભાઈ ડામોર ઉંમર ૧૯ વર્ષ, શૈલેષભાઈ સોમાભાઈ ડામોર ઉંમર ૨૧ વર્ષ નાહવા પડ્યા પછી સમય વીતવા આવ્યો પછી બહાર ના આવતા તેમના પરિવારજનો જાણ કરી ત્યારે ગ્રામજનો આજુબાજુ ભેગા થઈ ગયા. ગામના લોકો ભેગા મળીને ગળી અને જોખો નાખીને નદીની અંદર નાવડી ફેરવીને બે યુવાનોની શોધખોળ ચાલુ કરી ગઈકાલે સાંજના બે યુવાનો નવા પડેલા બંને યુવાનો ડૂબી ગયા હતા. રાતે ૧૦:૦૦ કલાકે નાવડી વડે નદીમાં ફરી ફરીને એક યુવાનને શોધી કાઢવામાં આવેલો હતો. જ્યારે બીજા યુવાનને આજરોજ બપોરના ત્રણ કલાકે શોધખોળ દરમિયાન બહાર કાઢવામાં આવેલો હતો. બંને યુવાનોને સંતરામપુર હોસ્પિટલમાં પીએમ કરવા માટે લઈ જવામાં આવેલા હતા. બંને યુવાનો અમદાવાદ ખાતે કંપનીમાં નોકરી કરતા હતા, પરંતુ હોળીનો તહેવાર કરવા માટે પોતાના વતનમાં આવેલા હતા. તંત્રને જાણ થતા તાત્કાલિક સગવાડિયા ગામે જઈને તલાટી કમ મંત્રી મામલતદાર તાલુકા વિકાસ અધિકારી ઘટના સ્થળે પહોંચીને પંચ કેસ કરેલો હતો. સંતરામપુર પોલીસે અકસ્માત ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરાઈ આવી ઘટના બનતા ગ્રામજનોમાં હિચકે ચોકનું માહોલ જોવા મળી આવેલું હતું.



**લુણાવાડા તાલુકાના ચોરી ગામ પાસે કેનાલ માંથી યુવક-યુવતિના મૃતદેહ મળી આવતા હત્યા કે આત્મહત્યા કોઠંબા પોલીસ ઘટના સ્થળે દોડી આવી મૃતદેહને પી.એમ. અર્થે ખસેડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ લુણાવાડા તાલુકાના ચોરી ગામ પાસેથી પસાર થતી કડાણા ડેમની સુજલામ-સુફલામ કેનાલ માંથી યુવક-યુવતિના મૃતદેહ મળી આવ્યા. કેનાલ માંથી યુવક-યુવતિના મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી. આ બાબતે કોઠંબા પોલીસને જાણ કરતાં ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપવામાં આવ્યા. યુવક-યુવતિના મળેલ મૃતદેહ થી આત્મહત્યા કે હત્યા તેની તપાસ હાથ ધરાઈ છે.**

# રાહુલના સમર્થનમાં વિપક્ષ એકજૂટ, કોંગ્રેસી દિગ્ગજો સાથે તૃણમૂલના સાંસદો પણ કાળા કપડાં પહેરીને આવ્યા

નવીદિલ્હી,

આજે સાંસદોના વિરોધ વચ્ચે, સંસદના બંને ગૃહો કાર્યવાહી શરૂ થયાની સાથે જ હોબાળા વચ્ચે ઘેરાઈ ગયા હતા. રાજ્યસભાની કાર્યવાહી પહેલા બપોરે ૨ વાગ્યા સુધી અને લોકસભાની કાર્યવાહી પહેલા ૪ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યા બાદ આખા દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવી હતી. વિપક્ષના સાંસદો અદાણી ગ્રુપના મુદ્દા અને રાહુલ ગાંધીને દોષિત જાહેર કરવા મુદ્દે સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.લોકસભાના અધ્યક્ષે તમામ સભ્યોને શાંતિ બનાવી રાખવાની અપીલ કરી હતી પરંતુ વિરોધ પક્ષોના સભ્યોએ તેમની અપીલ કાને ધરી ન હતી અને સુત્રોચ્ચાર ચાલુ રાખતા લોકસભા અને રાજયસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી.

અદાણી જૂથના મુદ્દે વિપક્ષી સાંસદોએ કાળા કપડા પહેરીને સંસદમાં ગાંધી પ્રતિમા પાસે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને યુપીએ અધ્યક્ષ સોનિયા ગાંધી પણ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. તેલંગાણામાં કોંગ્રેસના હરીફ કે.ચંદ્રશેખર રાવની આગેવાની હેઠળની ભારત રાષ્ટ્ર સમિતિ, તૃણમૂલના સાંસદો અને શિવસેનાએ પણ કાળા કપડા પહેરી વિરોધમાં જોડાયા હતા. કોંગ્રેસના સાંસદ રંજીત રંજને કહ્યું કે, લોકશાહીનો અવાજ દબાવવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. તમે લોકસભામાંથી વિપક્ષના અવાજને દબાવી રહ્યા છો. વિપક્ષ કૌભાંડની વાત શું કામ ન કરે. આ સરકારને રાજાશાહી જોઈએ છે. સરકાર આજે વિપક્ષથી ડરી ગઈ છે.

રાહુલને સંસદમાંથી ગેરલાયક ઠેરવવાના વિરોધમાં કોંગ્રેસના સાંસદો આજે કાળાં કપડાં પહેરીને સંસદ પહોંચ્યા હતા. સોનિયા ગાંધી પણ કાળાં કપડાં પહેરીને પહોંચ્યાં હતાં. લોકસભામાં કોંગ્રેસના સાંસદોએ સ્પીકર ઓમ બિરલાના ચહેરા સામે કાળું કપડું લહેરાવ્યું હતું, ત્યારબાદ તેઓ ઊભા થઈને ચાલ્યા ગયા હતા. સંસદ સત્રની શરૂઆત પહેલાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સંસદમાં તેમની ચેમ્બરમાં વિરોધ પક્ષોના નેતાઓની બેઠક યોજી હતી. આ બેઠકમાં કોંગ્રેસ, ડીએમકે સપા જદયુ બીઆરએસ સીપીએમ રાજદ એનસીપી સીપીઆઇ,રાજદ આપ અને અને ટીએમસી સહિત ૧૭ પાર્ટીઓએ ભાગ લીધો હતો. આ બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસનું આગમન આશ્ચર્યજનક રહ્યું હતું. આ અંગે ખડગેએ કહ્યું કે લોકશાહીની રક્ષા માટે જે પણ આગળ આવશે તેનું અમે સ્વાગત કરીશું. આ પહેલાં ઓગસ્ટ ૨૦૨૨માં રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના સાંસદોએ મોંઘવારી, જીએસટી અને બેરોજગારીના મુદ્દે કાળાં કપડાં પહેરીને પ્રદર્શન કર્યું હતું. તેમજ રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરી હતી. રવિવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રાહુલ ગાંધીને સંસદમાંથી સભ્યપદ રદ કરવા બાબતે રાજઘાટ પર પાર્ટી નેતાઓ સાથે સત્યાગ્રહ કર્યો. જેમાં પ્રિયંકા ગાંધી વાડ્રા, રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત, કેસી વેણુ ગોપાલ, કોંગ્રેસના પૂર્વ સાંસદ અને ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના આરોપી જગદીશ ટાઇટલરે પણ હાજરી આપી હતી. શુક્રવારે રાહુલ ગાંધીના લંડનના નિવેદન અને અદાણી મુદ્દે જેપીસીની માંગને લઈને સંસદના બંને ગૃહોમાં ભારે હોબાળો થયો હતો. હોબાળો અને ઉગ્ર સૂત્રોચ્ચાર વચ્ચે ધ્વનિ મતથી ફાઈનાન્સ બિલ ૨૦૨૩ લોકસભામાં પસાર કરવામાં આવ્યું હતું. આ પછી લોકસભાની કાર્યવાહી ૨૭ માર્ચે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. જ્યારે, રાજ્યસભાની કાર્યવાહી પણ ૨૭ માર્ચ સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.

સદનમાં ભાજપ લંડનમાં આપેલા નિવેદન માટે રાહુલ ગાંધી પાસેથી માફી માંગવા પર અડગ છે. જ્યારે, હિંડનબર્ગ-અદાણી કેસ મામલે કોંગ્રેસની સંયુક્ત સંસદીય સમિતિની માંગ પર યથાવત્ છે. બજેટ સત્રનો બીજો તબક્કો ૧૩ માર્ચથી શરૂ થયો હતો અને તે ૬ એપ્રિલ સુધી ચાલવાનો પ્રસ્તાવ છે.

કેન્દ્રીય મંત્રી કિશન રેડ્ડીએ કહ્યું કે, કોંગ્રેસથી લોકશાહીને જોખમ નથી, તેથી તેમણે કોંગ્રેસ બચાવો ના નામે ભારત જોડો યાત્રા કાઢી હતી. તેઓ લોકશાહીની વાત કરી રહ્યા છે, પરંતુ તેમને બોલવાનો કોઈ અધિકાર નથી કારણ કે કોંગ્રેસે ઈમરજન્સી દરમિયાન લાખો લોકોને જેલમાં ધકેલી દીધા હતા.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે આજે આપણે કાળા કપડા પહેરીને આવ્યા છીએ કારણ કે દેશમાં લોકશાહીનો નાશ થઈ રહ્યો છે. રાહુલ ગાંધીને ગેરલાયક ઠેરવવામાં કોંગ્રેસ પાર્ટીને બધાએ સમર્થન આપ્યું છે. સરકાર ચૂંટણી જીતીને આવેલા લોકોને ધમકી આપી રહી છે. જેઓ ઝુકતા નથી તેમને ઈડી અને ઝૈંનો ડર બતાવવામાં આવે છે.

મલ્લિકાર્જુન ખડગેએ વધુમાં કહ્યું કે આજે લોકશાહીનો કાળો દિવસ છે, સરકાર જેપીસીને કેમ ટાળી રહી છે, જ્યારે તેઓ બહુમતીમાં છે, જેપીસીમાં મોટાભાગના સભ્યો તેમના પક્ષના હશે, તેમ છતાં તેઓ ડરે છે, તેનો અર્થ એ છે કે દાળમાં કંઈક કાળું છે. જેઓ ડરતા હોય છે, ક્યારેક તેઓ પણ ફસાઈ જાય છે.રાહુલ ગાંધી સામે માનહાનિના કેસમાં સુરતમાં કેસ નોંધવામાં આવ્યો અને પછી જ્યારે ચુકાદો આવ્યો ત્યારે ખડગેએ કહ્યું કે આ મામલો બીજે ક્યાંકનો છે અને કેસ અન્યત્ર નોંધાયેલો છે. મતલબ સ્પષ્ટ છે કે તમે એવી મૈત્રીપૂર્ણ સરકાર ઈચ્છતા હતા જેના પોલીસ અને વહીવટીતંત્રનો ઉપયોગ રાહુલ ગાંધીને બદનામ કરવા માટે થઈ શકે. જણાવી દઈએ કે ટીએમસીએ પણ આ પ્રદર્શનમાં વિપક્ષી પાર્ટીઓને સમર્થન આપ્યું છે. પાર્ટીના સાંસદોએ રેલીમાં ભાગ લીધો હતો.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે વ્યવસાયની બાબતમાં કોઈ વિશેષ ડીલને અંતિમ સ્વરૂપ આપી શકો છો.આ દિવસે તમે શારીરિક સુવિધાઓ માટે ખર્ચ કરશો અને તમારા પૈસા પણ વધુ વધશે.

વૃષભ : આજે તમને શુભ ફળ મળશે અને વ્યવસાયમાં જોખમ લેવાથી આજે લાભ થઈ શકે છે. જૂના રોકાણોથી પણ આજે ફાયદો થઈ શકે છે. ધૈર્ય અને હળવા વર્તનથી સમસ્યાઓ સુધારજો.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે, પરંતુ ધર્મ, આધ્યાત્મિકતા અને શિક્ષણની બાબતોમાં થોડો સમય આપશો. વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ લાવવાની કોશિશ કરશે.

કર્ક : આજનો દિવસ તમને ખૂબ સારા પરિણામ આપવા જઈ રહ્યો છે અને તમે જે કામ સમર્પણ સાથે કરો છો તેમાં તમને પૂર્ણ સફળતા મળશે. ઓફિસમાં તમારું મૈત્રીપૂર્ણ વાતાવરણ સર્જાશે અને તમારા સાથીઓ પણ સહયોગ કરશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે ફાયદાકારક છે અને આજે અટકેલા પૈસા મળવાની સંભાવના છે. કાર્ય વર્તન સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપી રહ્યો છે અને તમને ભાગ્યનો પૂરો સહયોગ મળશે. તમારું યોજનાઓમાં ધ્યાનમાં લાગશે. આજે કોઈ કેસ સંબંધિત કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે.

તુલા : આજીવિકાની દ્રષ્ટિએ આજનો દિવસ ખૂબ જ મજબૂત છે. દિવસભર લાભ મળશે અને નોકરી મેળવનારાઓને સારી આવક મળવાની અપેક્ષા છે. પરિવાર સુખ અને શાંતિનો આનંદ માણશે અને ભાઈ-બહેનો સાથે આનંદ કરશો.

વૃશ્ચિક : આજનો દિવસ સારો પરિણામ આપવા જઈ રહ્યો છે. રચનાત્મક કાર્યોમાં સામેલ લોકોને સફળતા મળશે અને ભાગ્યની સહાયથી અધૂરા કાર્યો પૂરા થતાં જોવામાં આવશે. તમે જે કામ સૌથી વધુ પસંદ કરો છો તે આજે થશે.

ધનુ : આજનો દિવસ સામાન્ય છે અને રોમેન્ટિક સંબંધ સમરસતા સ્થાપિત કરશે. ભાગીદારીમાં આજે થયેલ કાર્ય શુભ ફળ આપશે અને રોકાણમાં લાભ મળશે. આજે તમારા ધંધામાં નફો નોંધપાત્ર વધશે.

મકર : આજે તમારે પરસ્પર વાટાઘાટોમાં સંયમ અને સાવધાની રાખવાની જરૂર છે. ખાતરી રાખો કે તમારી આસપાસના લોકો સાથે કોઈ વિરોધાભાસ નથી. વાણી પર નિયંત્રણ રાખો અને ક્રોધને કાબૂમાં રાખો.

કુંભ : આજે તમારા માટે થોડો પડકાર રહી શકે છે. સાવચેત અને જાગૃત રહેવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કામ ઉપરાંત, તમે કંઈક નવું કરવાનો પ્રયત્ન કરશો તો ફાયદાકારક રહેશે. કોઈ અંગત માટે કેટલાક પૈસાની વ્યવસ્થા કરવી પડી શકે છે.

મીન : આજનો દિવસ થોડો સાવધ રહેવાનો છે અને તમારા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પણ થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. નહીં તો તમારું નુકસાન થઈ શકે છે. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

# દાહોદ નગર ખાતે અર્બન હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ યોજના અંતર્ગત કિચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન અને પ્રાકૃતિક ખેતી અંગેની તાલીમ યોજાઇ

દાહોદ,

નાયબ બાગાયત નિયામકની કચેરી દાહોદ અને એન.એમ. સદગુરૂ ફાઉન્ડેશન, દાહોદના સંયુકત ઉપક્રમે એક દિવસીય અર્બન હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ યોજના અંતર્ગત કિચન ગાર્ડન,ટેરેસ ગાર્ડન અને પ્રાકૃતિક ખેતી અંગેની તાલીમ ગત રોજ યોજવામાં આવી હતી. જેમાં દાહોદ નગરના નગરજનો તેમજ બહેનો હાજર રહી ૧૦૩ જેટલા તાલીમાર્થીઓએ તાલીમ મેળવી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

બાગાયત ખાતાના અધિકારીઓ દ્વારા પોતાના ઘર આંગણે રહેલ જગ્યા તેમજ ધાબા ઉપર કે ગેલેરી અને પાર્કિંગ જેવી વધારાની જગ્યાઓમાં ઘર આંગણે શાકભાજીનું વાવેતર કઈ રીતે કરવું તે અંગેના વિવિધ વિષયો ઉપર સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું.

બાગાયત અધિકારી શંકરભાઈ વસાવા દ્વારા ઘર આંગણે શાકભાજીનું ઘરૂં કેવી રીતે ઉછેરી શકાય તેમજ વિવિધ સોઈલ મીડિયા વિશે સંપૂર્ણ સમજ આપવામા આવી તથા કિચન ગાર્ડનમાં પાણી અને ખાતરના વ્યવસ્થાપન વિશેની સંપૂર્ણ માહિતી આપી.

બાગાયત અધિકારી ભાવિનભાઈ પરમાર દ્વારા ઋતુ અનુસાર ઉનાળો, શિયાળો અને ચોમાસાની સિઝનમાં કયા કયા પાકો ઉછેરી શકાય તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી.

અંતમાં નાયબ બાગાયત નિયામક એચ બી પારેખ દ્વારા પ્રાકૃતિક કૃષિના જિવામૃત, બીજામૃત, આછાદાન જેવા સિધ્ધાંતો દ્વારા ખેડૂતો ઓછા ખર્ચથી સારી આવક મેળવી શકે છે અને કિચન ગાર્ડન દ્વારા રોગ અને જીવાતનું વ્યવસ્થાપન તેમજ કિચનગાર્ડનમાં નેટ હાઉસ, ડ્રીપ ઈરીગેશન જેવી હાઇટેક ટેકનોલોજી દ્વારા કિચન ગાર્ડન તેમજ ટેરેસમાં કેવી રીતે શાકભાજીનું ઉછેર કરી શકાય તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું.

એન.એમ. સદ્દગુરૂ ફાઉન્ડેશન, દાહોદ દ્વારા તાલીમાર્થીઓ માટે વિવિધ વ્યવસ્થાઓ પૂરી પાડેલ છે અને કાર્યક્રમના અંતે દરેક તાલીમાર્થીઓને વિવિધ શાકભાજીના બિયારણ, દિવેલી ખોળ તેમજ શરબતી લીંબુના છોડનું વિતરણ નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં કિચન ગાર્ડન માટે જરૂરી સાધન સામગ્રી જેમ કે કોકોપીટ દિવેલી ખોળ છાણીયું ખાતર લાલ માટી અળસિયાનું ખાતર જેવા સોઈલ લેસ મીડિયા તેમજ વિવિધ શાકભાજી પાકોના બિયારણો છોડ ઉછેરવા માટે ગ્રોઈંગ બેગ ઘરૂ ઉછેરવા માટે પ્લગ ટ્રે અને શાકભાજીના ઘરૂં જેવા કે મરચી ટામેટી કોબીજ ફુલેવર અને રીંગણ ના ઘરૂં નું પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ હતું.

# ઝાલોદ બ્લોક હેઠળ આવતા આરોગ્ય કર્મચારીઓનો દિવાળી બાદ પગાર ચૂકવવાનો બાકી નીકળતા કર્મચારીઓની હાલત કફોડી બની

દાહોદ,

દાહોદ જિલ્લા સહીત સમગ્ર વિશ્વમાં અને ભારતભરમાં કોરોના મહામારીએ કહેર વરસાવ્યો હતો. ત્યારે લોકો ડોક્ટર, પોલીસ, સ્વિપર, સાફ–સફાઈ કરનારા લોકો પર પુષ્પ વર્ષા કરતા હતા પરંતુ હવે ફરીથી બનાવટી મુખોટો નીકળી ગયો છે અને લોકોનો દંભ દેખાઈ રહ્યા છે. ત્યારે કોરોના સામે અડીખમ રહેનાર યોદ્ધા તરીકે કોવિડ – ૧૯ હોસ્પિટલમાં ફરજ બજાવી હોવા છત્તાં પણ તેમને સન્માનિત કરવા ની જગ્યાએ હેરાનગતિ ભોગવવા નો વહારો આવ્યો.



ઝાલોદ બ્લોકના હેઠળ આવતા તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આઉટસોર્સિંગથી ફરજ બજાવતા કુલ ૧૨ જેટલા કર્મચારીઓ જેમાં જુ. ક્લાર્કથી લઈ સ્વિપર, ડ્રાઈવર સુધીના કુલ બાર ૧૨ જેટલાં કર્મચારીઓના આઉસોર્સિંગ એજન્સી દ્વારા છેલ્લાચાર થી પાંચ માસનો પગાર ચૂકવાયો નથી. ત્યારે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. છેલ્લા દિવાળી પહેલા વેતન ચૂકવામાં આવ્યું હતું. ત્યાર બાદ આજદિન સુધી વેતન ચૂકવવામાં ન આવતા આરોગ્ય કર્મીઓને હલકી વેઠવાનો વારો આવ્યો.


દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકા ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આઉટ સોર્સ એજન્સી મારફતે કુલ ૧૨ જેટલા કર્મચારીઓ જુનિયર ક્લાર્ક, લેબ ટેક, ડ્રાઈવર, પટાવાળા, સ્વીપર, પાર્ટ ટાઈમ સ્વીપર, પાર્ટ ટાઈમ ચોકીદાર, વોર્ડ બોય અને વોર્ડ આયા તરીકે ફરજ બજાવે છે. આ તમામ ૧૨ કર્મચારીઓનું ગુજરાન માત્રને માત્ર આ નોકરી પર આવતા પગાર પર નિર્ભર હોય છે. જયારે કે કોરોના જેવી મહામારીમાં જીવના જોખમે તેઓને પ્રતિ નિયુક્ત કરી અને વધારાની કોવિડ–૧૯માં પણ ફરજ પર મૂકવામાં આવ્યા હતા. જ્યાં તેઓ સંપૂર્ણ સ્વખર્ચે અવરજવર કરતા અને ત્યારે પણ તેઓને વધારાનું વેતન બોનસ કે એકસ્ટ્રા પેમેન્ટની જગ્યાએ તેઓનું રેગ્યુલર વેતન પણ સમયસર આપવામાં આવ્યું ન હતું. ત્યારે હાલ પણ હાલમાં આ કર્મીઓના ૪ થી ૫ માસના પગાર હજુ સુધી ચૂકવવામાં ન આવતા કર્મચારીઓને હાલાકી વેઠાવી પડી રહી છે.

ફતેપુરા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આઉટ સોર્સ વર્ગ – ૩ના કર્મચારીઓ ડી.જી. નાકરાણી એજન્સી હસ્તગત કામ કરી રહ્યા છે. જ્યારે વર્ગ – ૪ના કર્મીઓ એમ.જે. સોલંકી એજન્સી મારફતે કામ કરી રહ્યા છે. ત્યારે આ બન્ને એજન્સીઓ દ્વારા વર્ગ – ૩ અને ૪ના કુલ ૧૨ કર્મીચારીઓના ગત ૪ થી ૫ માસનું વેતન ન ચુકવતા કર્મીચારીઓને હાલાકી. ત્યારે આ તમામ કર્મચારીઓ દ્વારા આરોગ્ય વિભાગ તેમજ એજન્સીને વારંવાર ટેલીફોનિક તેમજ રૂબરૂ રજૂઆત કરી હોવા છતાં પણ કોઈ યોગ્ય જવાબ નહીં મળતો હોવાનું જણાવ્યું અને પગારને લઈ કોઈ યોગ્ય કાર્યવાહી નહીં થતી હોવાનું જણાવ્યું હતું.

# બાગાયત વિભાગ દાહોદના માર્ગદર્શન, સહાય અને પ્રાકૃતિક ખેતી દ્વારા વિવિધ શાકભાજીની ખેતી કરી બમણી આવક મેળવતા પ્રગતિશીલ ખેડૂત

દાહોદ,

રાજયભરમાં બાગાયત ખેતીને સરકાર દ્વારા ખૂબ પ્રોત્સાહન અપાઈ રહ્યું છે અને સરકારના પ્રોત્સાહન સાથે આધુનિક બાગાયત ખેત પદ્ધતિઓ, નવા પાકો અને ખેતી માટેની નવીન વિચારધારા થકી દાહોદ જિલ્લાના ખેડૂતો પણ બાગાયત ખેતી તરફ સમૃદ્ધિના ડગ માંડી રહ્યા છે. ત્યારે બાગાયત ખેતી કરનારા દાહોદનાં પ્રગતિશીલ ખેડૂતની વાત કરીએ.



દાહોદ જિલ્લાનાં દેવગઢ બારિયા તાલુકાના અંતેલા ગામનાં પ્રગતિશીલ ખેડૂત ભારતભાઈ શકરાભાઈ પટેલ બાગાયતી ખેતીમાં વિવિધ પ્રયોગશીલ ખેતી કરી રહયાં છે. જેઓ ગ્રામ્ય વિસ્તારમાં પોતાની જમીનમાં ટામેટા, મરચા, રીંગણ સહિતની બાગાયતી ખેતી વૈજ્ઞાનિક પદ્ધતિથી કરી આર્થિક સમૃદ્ધિ સાથે સફળતાના સોપાન સર કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી બન્યા છે.

ઉત્સાહી પ્રગતિશીલ ભારતભાઈ શકરાભાઈ પટેલ કહે છે કે શાકભાજી પાકોની આધુનિક સુધારેલ ખેતી પધ્ધતિ અપનાવવામાં આવે તો ઉંચી ગુણવત્તા સાથે વધુ ઉત્પાદન ટુંકા ગાળામાં મેળવી વધુ આવક મેળવી શકાય છે. ફ્લાવર, કોબીજ, ટામેટા, મરચા વગરે શાકભાજીની ખેતી કરી તેમાં મને સારૂં ઉત્પાદન અને સારી આવક મળી પોતાની જમીનમાં બાગાયત વિભાગ દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત કરી આધુનિક ખેત પધ્ધતિ અપનાવી મૂલ્યવર્ધિત વિવિધ શાકભાજીની ખેતી કરી સારી આવક મેળવી રહ્યો છું અને હાલમાં ટામેટા, મરચાની ખેતી અને શાકભાજી ધરૂ ઉછેર પણ જાતે કરૂં છું.

તેમણે ખેડૂતમિત્રોને બાગાયત વિભાગની વિવિધ યોજનાઓની જાણકારી મેળવી લાભ મેળવવાની અપીલ કરી હતી. તેમણે બાગાયતી ખેતીમાં શાકભાજી વાવેતરમાં રૂ. ૨૦,૦૦૦/– સુધીની પ્રોત્સાહક સહાય બાગાયત ખાતા દ્વારા મેળવી હતી. ભારતભાઈ પટેલે પ્રાકૃતિક કૃષિના જિવામૃત, બીજામૃત જેવા સિધ્ધાંતોને પણ ખેત પધ્ધતિમાં અમલમાં મુકવાને લીધે ખેતી ખર્ચ પણ ઘટવાથી એકંદરે સારી આવક મેળવી રહ્યાં છે. તેઓ જણાવે છે કે તેમણે ટામેટાના વાવેતર દ્વારા અંદાજે રૂા. બે લાખની આવક થઇ છે.

પ્રગતિશીલ ખેડૂત ભારતભાઈ શકરાભાઈ પટેલે પોતાની સમૃદ્ધિનો શ્રેય સરકારની વિવિધ બાગાયતી યોજનાઓને આપે છે. ધરતીપુત્રોના પરિશ્રમના સમન્વયથી જ ગુજરાતના કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ, વિકાસ અને ગુણવત્તાનો ત્રિવેણી સંગમ જોવા મળી રહ્યો છે. તે માટે સરકારની ખેડૂત કલ્યાણ લક્ષી વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અંગે આભાર વ્યકત કર્યો છે.

# ફતેપુરાના સાલરા ગામે અગમ્ય કારણોસર મકાનમાં આગ લાગી : ઘરવખરી બળીને ખાખ થઈ



દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં અવારનવાર આગ લાગવાના બનાવો સામે આવતા હોય છે. ત્યારે સાલરા ગામે આગ લાગવાનો કિસ્સો પ્રકાશ માં આવ્યો હતો. અગમ્ય કારણોસર લાગેલ આગમાં ઘરમાં રહેલી ઘર વખરી સહીત રોકડ રકમ અને અનાજ બળીને ખાખ થઈ જવા પામ્યું હતું. જેમાં મકાન માલિકની હજારો રૂપિયાનુ નુકસાન પહોંચ્યું હતું.

ફતેપુરા તાલુકાના સાલરા ગામે રહેતા સુરેશભાઈ દુળાભાઈ ના મકાન માં અચાનક અગમ્ય કારણોસર આગ લાગી હતી. ઘરમાં રહેલ ઘરવખરીનો સમાન અનાજ તેમજ રોકડ રકમ બળીને ખાખ થઈ જતા મકાન માલિકને હજારો રૂપિયાનું નુકસાન પહોંચ્યું હતું. ઘટનાની જાણ ગામ લોકોને થતા ગામ લોકો આગ ઓલાવવા પાણીનો મારો ચલાવી હતી, પરંતુ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયરની ગણતરીના સમયમાં ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

# હૈદરાબાદ પરણાયેલ લીમડીની પરણિતાને સાસરીયાએ ત્રાસ આપતાં દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ

દાહોદ,

ધંધા માટે પૈસાની માંગણી કરી અવાર નવાર દહેજની માંગમી કરી પતિ તથા સાસરીયા દ્વારા છેલ્લા અઢી વર્ષથી ગુજરાતા શારીરીત અને માનસિક ત્રાસથી વાજ આવેલ હૈદ્રાબાદ પરણાવેલી લીમડી ગામની ૩૨ વર્ષીય પરણીત મહિલાએ દાહોદ મહિલા પોલીસ સ્ટેશનમાં ન્યાયની ગુહાર લગાવ્યાનું જાણવા મળ્યું છે.

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ગોધરારોડ, મોઢીયાવાડમાં રહેતા રાજેન્દ્રકુમાર કનૈયાલાલ સોનીની ૩૨ વર્ષીય દીકરી શિવાંજલીબેન સોનીના લગ્ન તા. ૨૫–૨–૨૦૨૦ના રોજ હૈદ્રાબાદ બેગમ બજાર, નગારખાના આઈ હોસ્પિટલ સામે રહેતા રાહુલકમાર રાજકુમાર વર્મા સાથે સમાજના રીતરીવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ છ માસ સુધી શિવાંજલીબેન સાથે તેના પતિ રાહુલે સારૂ રાખ્યું હતું અને ત્યારબાદ પતિ રાહુલ, સસરા રાજકુમાર શંકરલાલ વર્મા તથા સાસુ સવિતાબેન રાજકુમાર દ્વારા શિવાંજલિબેનને હાલ ધંધો બરાબર ચાલતો નથી જેથી આપણી પાસે પૈસા નથી, તું તારા પિતાના ઘરેથી પૈસા લઈ આવ તો જ ધંધો ચાલશે. તેમ કહી તેના ભાઈ તથા રપિતા પાસેથી માંગવાનું કહી અવાર નવાર દહેજની માંગણી કરી બેફામ બિભત્સ ગાળો બોલી મારકુટ કરી મારી નાંખવાની ધાકધમકીઓ આપી તેમજ કર્ણાટક હુમનાબાદમાં રહેતી મમતાબેન પવનકુમાર વર્મા તથા મહારાષ્ટ્રના આકોટમાં રહેતી નિશાબેન અરવીંદભાઈ વર્માએ શિવાંજલીબેનની સાસરીમાં આવી દહેજ બાબતે શિવાંજલીબેનને મહેણાટોણા મારી તથા ખોટી ચઢામણીઓ કરી શારીરીક અને માનસીક ત્રાસ આપતાં અવાર નવારના ત્રાસતી વાજ આવી શિવાંજલીબેન પોતાના પિયરમાં આવી આ મામલે દાહોદ મહિલા પોલીસ સ્ટેશને તેના પતિ, સાસુ, સસરા સહીત પાંચ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઈપિકો કમલ ૩૨૩, ૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ ૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા તાલુકાના પાટીયાઝોલ ગામ ખાતે ઓલ એનિમલ રેસ્કયુટ ટીમ દ્વારા અજગરનું રેસ્કયુ કરવામાં આવ્યું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના પાટીયા ઝોલ ગામ ખાતે ઓલ એનિમલ રેસ્ક્યુ ટીમ દ્વારા અજગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. મળતી વિગતો અનુસાર પાટીયાઝોલ ગામના ભુરીયા ફળિયામાં અજગર જોવા મળતા ગામ લોકો દ્વારા વન વિભાગ તેમજ એનિમલ રેસ્ક્યુટિવ નો સંપર્ક કરવામાં આવ્યો હતો. માહિતી મળતાની સાથે જ ઓલ એનિમલ રેસ્ક્યુટીમ તેમજ વન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચીને અજગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. જે રેસ્ક્યુ કરાયેલું અજગરનો વજન સાત કિલો તેમજ તેની લંબાઈ ૬ ફૂટ જોવા મળી હતી. જેને રેસ્ક્યુ કર્યા બાદ પંચ કેસ કરીને ફોરેસ્ટ એરિયામાં રિલીઝ કરવામાં આવ્યો હતો.

# ઝાલોદ તાલુકાના વરોડ સેજાના લીમડી મોરીની આંગણવાડી કેન્દ્રમા પોષણ પખવાડીયા ઉજવણી કરાઈ



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ આઇ.સી.ડી.એસ. ઘટક–૨માં લીમડી મોરીની આંગણવાડીમા પોષણ પખવાડિયા ઉજવણી કરાઈ. સરકાર દ્વારા આંગણવાડીઓમા પોષણ પખવાડિયા તરીકે ૨૦ માર્ચ થી ૩ એપ્રિલ સુધી ઉજવણી જાહેર કરેલ હોય તે અંતર્ગત આવો સૌ સાથે મળીને શ્રી અન્નના ઉપયોગ થી સુપોષીત નિર્માણ કરીએના સંકલ્પ સાથે બાળ વિકાસ યોજના અધિકારીના માર્ગદર્શન હેઠળ સુપરવાઈઝરના સંકલનથી આંગણવાડી કેન્દ્રો પર પોષણ પખવાડિયાની ઉજવણી કરાઈ હતી. પોષણ પખવાડિયાની થીમ મુજબ સગર્ભા ધાત્રી બહેનોને આરોગ્ય પોષણ મિલેટ માંથી બનતી વાનગી સમજ તેમજ કિશોરીઓને અને કિશોરોઓને અન્નના ફાયદા અને ઉપયોગ વિષે જાણકારી આપવામા આવી હતી. શ્રી અન્ન એટલે ઘઉ અને ચોખા કરતા અનેક ગણા સ્વાસ્થ્ય અને પોષક તત્વો થી ભરપૂર છે, તે બાબતે જણાવેલ હતું. આ પોષણ પખવાડિયા કાર્યક્રમમા સુપરવાઈઝર લલિતાબેન ડામોર હાજર રહીને કિશોરીઓ, સગર્ભા ધાત્રી માતાઓને આઇ.સી.ડી.એસ. અને સરકારની યોજનાકોય પોષણ પખવાડિયા ફાયદાઓ જણાવેલ હતા. સુપોષીત નિર્માણનો આંગણવાડી વર્કર બહેનો, હેલ્પર, મુખ્યસેવીકા સંકલ્પ કર્યા હતો અને સાથે આંગણવાડી કેન્દ્ર પર સગર્ભા માતા દર્શાવતી રંગોળી તૈયાર કરવામાં આવી હતી.

## કોઈની હાજત તથા જરૂરત પુરી કરવી

હદીષ–૧ ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લીમ હઝરત ખબુ હુસૈન હ ર.દી.અ.જી. રિવાયત કરે છે કે, રસુલુલ્લાહ સલ્લાહો અલય હે વસલ્લમ એ ફરમાયું કોઈ મુસલમાન એવો નથી કે તે દુનિયા તથા આખીરતમાં સૌથી વધારે તેનો મદદગાર ન હોઈ (બુખારીઃ૨/૭૦૫ મુસ્લીમ ૨/૩૬ કિતાબુલ ફરાઈઝ).

હદીષ–૨ ઈમામ અહમંદ નિસાઈ તથા હાકિમે બુરેદ ર.દી.અ.થી. સહીદ સનદ સાથે રિવાયત કરી કે હુઝુરે અકદસ સલલ્લાહો અલય હે વસલ્લમ એ ફરમાયું જેનો હુ મદદગાર છું. અલી તેના મદદગાર છે. (મુસ્નદે ઈમામ ૫/૩૫૮ કન્ઝુલ ઉન્માલ ૧૧/૫૫૪ હદીષ : ૩૨૬૦૫)

( બહવાલા ઈખ્તિયારે મુસ્તુફા પાન–૧૩–૧૪)

“ મેં તો માલિક હી કહુંગા કે હો માલિક કે હબીબ પાની મહુબ્ો મુહિલમે નહી મેરા તેરા”

તા. ૨૮/૦૩/૨૦૨૩ મંગળવા

ખત્મે શહરી - ૫-૧૨

વકતે ઈફતાર - ૬-૫૩

નોંધઃ- આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લા પૂરતો છે.

# મહિસાગર જિલ્લામાં ગરમી વધતા માટીના માટલાની માંગ વધી

લુણાવાડા,

મહિસાગર જિલ્લામાં ગરમીનો પારો વધી જતા દેશી ફ્રિજ ગણાતા માટીના માટલાની માંગ ખુબ વધી જવા પામી છે. હેલ્થકોન્સિયલ લોકોની પહેલી પસંદ માટીના માટલાની હોય છે. તેના કારણે મહિસાગર જિલ્લામાં માટીના માટલાની માંગ વધી ગઈ છે. લુણાવાડા–બાલાસિનોર, સંતરામપુર સહિતના શહેરોમાં માટીના દેશી માટલા વેચવામાં આવી રહ્યા છે. આ માટલામાં પાણી કુદરતી રીતે ઠંડુ રહેતુ હોય છે તેના કારણે સ્વાસ્થ્ય માટે જાગૃત લોકો તેની પહેલી પસંદગી કરતા હોય છે. અત્યારના આધુનિક જમાનામાં ઠંડુ પાણી રાખવા માટે ઘણા અલગ અલગ પ્રકારના ઉપકરણોના ઉપયોગ કરવામાં આવી રહ્યા છે. લોકો ફ્રીજ અને ડીપ ફ્રીજરમાં પાણીને ઠંડુ રાખતા હોય છે. જે માનવ શરીર માટે હાનિકારક બની શકે છે. આવા પાણી પીવાના કારણે શરીરમાં રોગો વધી જતા હોય છે.

# ઝાલોદમાં ટ્રાન્સપોર્ટ ગોડાઉનની ચોરીમાં ફરિયાદી જ ચોર નીકળ્યો

ઝાલોદ,

ઝાલોદ મુવાડામાં વિશ્વકર્મા મંદિરની સામે આવેલ ઈલાસ્ટિક ઈન્ટેકસ ટ્રાન્સપોર્ટ પ્રા.લિ.ના ગોડાઉનમા થયેલી ૧.૨૬ લાખની ચોરીના ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી ચોરી કર્યા બાદ આરોપી ચોરીની ફરિયાદ આપનાર ગોડાઉનના ટીમ લીડરને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

ઝાલોદના મુવાડામાં આવેલા ઈલાસ્ટિક ઈન્ટેક્ષ ટ્રાન્સપોર્ટ પ્રા.લિ.ના ગોડાઉનમાં તા.૧૮ના રોજ રાત્રિના સમયે ગોડાઉનને નિશાન બનાવી ત્રાટકેલા અજાણ્યા તસ્કરો ગોડાઉનના તાળા તોડી અંદર પ્રવેશ કરી લોકરમાં મુકેલા ૧,૨૧,૫૮૦ રૂ.રોકડા તથા ૫૦૦૦ રૂપિયાનુ ડી.વી.આર.મળી ૧,૨૬,૫૮૦ રૂ.ની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. આ બાબતે તા.૨૦મીના રોજ ગોડાઉનમાં ટીમ લીડર તરીકે નોકરી કરતા દિપકભાઈ સરજુ પ્રસાદ દુબેએ ઝાલોદ પોલીસમાં અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ઝાલોદ પી.એસ.આઈ.જી.બી. રાઠવાએ ચોરીનો ભેદ ઉકેલવા તપાસ શરૂ કરી હતી. અને કંપનીમાં કામ કરતા માણસોને બોલાવી તેમની પુછપરછ હાથ ધરી હતી. તેમજ એફએસઅલની મદદ લઈ ગોડાઉનના શટરના ભાગે કે લોકર તોડવામાં બળપ્રયોગને ઉપયોગ થયેલાનુ જણાયેલ નહિ અને લોકર ચાવીથી ખોલેલનુ જણાતા અને ગોડાઉનના નજીકના ભાગે આવેલ દુકાનમાં લગાવેલ સીસીટીવી કેમેરાના બે દિવસના સીસીટીવી ફુટેજ ચેક કરતા કોઈપણ શંકાસ્પદ વ્યકિતની અવર જવર ગોડાઉનના આગળના ભાગેથી થયેલ ન હોવાનુ જણાઈ આવ્યુ હતુ. જેથી પીએસઆઈ તથા સ્ટાફને ફરિયાદીએ જ ચોરી કરેલ હોવાની પુરેપુરી શંકા તા.૨૪મીના રોજ ફરિયાદી દિપકભાઈ સરજુ પ્રસાદ દુબેને પોલીસને પોલીસ મથકમાં બોલાવી તેની પુછપરછ કરતા તેણે ક્રેડિટ કાર્ડના વ્યાજ સહિત તથા એચડીએફસી બેંકમાંથી પર્સનલ લોન લીધેલ જેમા વ્યાજ સાથે ૨,૧૨,૦૦૦ રૂપિયા ભરવાના હોઈ પોતે પોતાના ગોડાઉનમાં આવેલ માલસામાનની ડિલીવરીના વકરાના ૧,૨૧,૫૮૦રૂ.ની ચોરી કરી હતી. અને પકડાઈ જવાની બીકથી ગોડાઉનના અંદરના ભાગે લગાવેલ સીસીટીવી કેમેરાની ડીવીઆર તથા પાવર સપ્લાયર કાઢી લઈ ગામડી રોડ ઉપર પુલીયાથી થોડે આગળ ગટરમાં ફેંકી દીધેલ હોવાની કબુલાત કરી હતી. ચોરીમાં ગયેલ પુરેપુરો મુદ્દામાલ સાથે આરોપી દિપકભાઈ સરજુ પ્રસાદ દુબેની ઝાલોદ પોલીસે ધરપકડ કરી હતી.

# ગોધરા શહેરની શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળની બહેનોનું સન્માન કરવામાં આવ્યું

ગોધરા,

ગોધરા ખાતે સહકાર ભારતી આણંદ વિભાગ દ્વારા તેમજ વિવિધ મહિલા સંસ્થાઓના સયુંકત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં મુખ્ય મહેમાન રાષ્ટ્રીય મહિલા સહકાર પ્રમુખ રેવતી શેદૂરણીકર તથા પ્રદેશ મંત્રી નયનાબેન મકવાણા જિલ્લા પંચાયત પ્રમુખ સહિત આગેવાન મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા અને જેમાં અલગ અલગ સંસ્થાઓ સાથે સંકળાયેલા ૬૦ સમાજ સેવીકાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

જેમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ ગાદીના સમર્થ આચાર્ય પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ અજેન્દ્રપ્રસાદજી મહારાજ અને સ્ત્રી ભક્તોના ગુરૂપદે બિરાજમાન પ.પૂ. અસૌ માતૃ ગાદીવાળાના આશીર્વાદ થી અને બાબરાજા ડો. ઉર્વશીકુંવર બા ના સતત માર્ગદર્શન થી ગોધરા શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળની બહેનો એ કોવિડ દરમ્યાન ટિફિન સેવા તેમજ ગર્ભાશયના કેન્સર સામે રક્ષણ આપતી સર્વાઈકલ કેન્સર વેકસીન તેમજ પોષણ પ્રસાદ જેવી સામાજિક સેવા બદલ સન્માન પ્રાપ્ત થયું એ માટે સત્સંગ સમાજ તેમજ ગોધરા નગરજનો ગૌરવની લાગણી અનુભવે છે. આ સમગ્ર આયોજનમાં સહકાર ભારતીના શિવાંગીબેન પાઠક, પારૂલબેન સોની અને ડો. વિહારી પંડ્યા સહિત સૌ રાષ્ટ્રીય સેવિકા સમિતિની મહિલા સભ્યો દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન શિવાંગી પાઠક દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ અર્બન હેલ્થ સેન્ટર ખાતે રહીમભાઈ નિક્ષત્ર મિત્ર બન્યાં


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ અર્બન હેલ્થ સેન્ટર ખાતે નિક્ષય મિત્ર રહીમભાઈ દ્વારા ૧૫ પોષણ કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે મેડિકલ ઓફિસર કિંજલબેન કોળી, ઈ.અર્બન હેલ્થ સુપરવાઈઝર અને આરોગ્ય કાર્યકર મનીષભાઈ પંચાલ, સંજયભાઈ પાંડોર ચિરાગભાઈ ગરાસિયા, ટી.બી.એસ.વી.ભુપતભાઈ બારીયાની હાજર રહ્યા હતા. તેમજ તેમની હાજરીમાં કાર્યકમ યોજાયો હતો. તેમજ રહીમભાઈ દ્વારા પેશન્ટને દવા ચાલે ત્યા સુધી પોષણ કીટ આપવા તથા ટ્રીટમેન્ટ અંગે ખબર અંતર પુછપરછ કરવાનો સંકલ્પ કર્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.183

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ગોધરા તાલુકાના આંગડિયા ગામે

# મેશરી નદી વોટરશેડ યોજનામાં બનેલ ચેકડેમ હલ્કી ગુણવત્તાના મટીરીયલથી જર્જરીત થયો



ગોધરા,

ગોધરા તાલુકાના આંગડિયા ગામમાંથી મેશરી નદી પસાર થઈ રહી છે. આ નદી ઉપર વસવાટ કરતા અંદાજિત ૩૦૦૦ રહીશોના પીવાના પાણીના સ્ત્રોત જેવા કે કુવા બોર સહિત રિચાર્જ થાય અને સાથે જ ગામના પશુ પંખીઓને ઉનાળા દરમિયાન પીવાના પાણીની સુવિધા મળી રહે એ માટે ચેકડેમ બનાવવામાં આવ્યો હતો. વોટરશેડ યોજના હેઠળ હજારો રૂપિયાનો ખર્ચે બનાવવામાં આવેલા ચેકડેમનું મટીરીયલ્સ ગુણવત્તા સભર મટીરીયલ નહીં ઉપયોગ કરવામાં આવ્યું. હોવાથી હાલ ચેકડેમ તૂટી જર્જરીત થઈ ગયો છે. જેથી જેમાં પાણી સંગ્રહ થતો નથી અને જેને લઈ ગામના કુવા અને બોરમાં પાણી તળિયે જતા રહ્યા છે. જેથી હાલ ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આ ચેકડેમની મરામત કરવામાં આવે અથવા નવીન ચેકડેમ બનાવવામાં આવે એવી

### ચેકડેમની મરામત કરાય તેવી માંગ

સ્થાનિકોમાં માંગ ઉઠી છે.

સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ નદી અને કોતરો મારફતે ચોમાસા દરમિયાન નિરર્થક વહી જતા પાણીને અટકાવવા અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે. નદી અને કોતરની જુબાજુમાં આવેલા ગામોમાં સિંચાઈ સુવિધા મળી રહે સાથે જ ભૂગર્ભ જળસ્તર ઉંચા આવે એવા શુભ આશય સાથે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો ખર્ચ કરી ચેકડેમ ચેક વોલ સહિતની સુવિધા ઉભી કરવામાં આવતી હોય છે. પરંતુ આ સુવિધાઓ ક્યારેક નિર્માણ કર્તાઓ દ્વારા કરવામાં આવતા હલકી ગુણવત્તાવાળા કામને લઈ થોડા જ વર્ષોમાં શોભાના ગાંઠિયા સમાન બની જતી હોય છે. સરવાળે ટૂંકું આયુષ્ય ધરાવતા આવા ચેક ડેમો પાછળ સરકારના ખર્ચાયેલા નાણા નિરર્થક સાબિત થવા સાથે પાણીમાં વહી જતાં હોય છે. આવી જ સ્થિતિ ગોધરા તાલુકાના આંગડિયા ગામે મેશરી નદી ઉપર બનાવેલા ચેકડેમ ખાતે હાલ જોવા મળી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ જ્યારે આ ચેકડેમ અહીં બનાવવામાં આવ્યો હતો. દરમિયાન પ્રારંભિક તબક્કામાં અહીં ચેકડેમમાં પાટીયા ગોઠવવામાં આવતા હતા. જેથી ચોમાસા દરમિયાન વહી જતા પાણીનો અહીં સંગ્રહ થતો હતો. જેથી અહીંના ખેડૂતો ખૂબ ખુશ થઈ ગયા હતા. પરંતુ સમય જતા ખેડૂતોની આ ખુશી જાણે દિવાસ્વપન બની ગઈ છે. ચેકડેમની બનાવટમાં પાયામાં પથ્થરો પૂરી દેવામાં આવ્યા હતા. જે પથ્થરોમાં હવે પોલાણ સર્જાતા ધીરે ધીરે ચેકડેમ ક્ષતિગ્રસ્ત થઈ ગયો છે. જેથી અહીંયા હવે પાણીનો સંગ્રહ થતો નથી. ત્યારે ગ્રામજનોમાં હવે આ ચેકડેમની મરામત કરવામાં આવે અથવા નવીન ચેકડેમ બનાવી આપવામાં આવે એવી માગણી ઉઠી છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર અહીં આજુબાજુમાં આવેલા તમામ કુવા અને બોરના પાણીનું સ્થળ તળિયે જતું રહ્યું છે. જેથી ચોમાસા સિવાયની અન્ય ખેતી થઈ શકતી નથી સાથે જ પશુપાલનને પણ પીવાના પાણી માટે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે.

આંગડીયા ગામ ખાતે બનાવવામાં આવેલો ચેક્ડેમ વોટરશેડ યોજના હેઠળ બનાવવામાં આવ્યો હોવાનું પાનમ સિંચાઈ વિભાગની તપાસ દરમિયાન ધ્યાને આવ્યું છે. જેથી આ ચેક ડેમની મરામત સલગ્ન વિભાગ દ્વારા જ થઈ શકે એમ છે. જોકે, પાનમ સિંચાઈ વિભાગમાં ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી દ્વારા અહીં નવીન ચેક્ડેમ બનાવવા માટે રજુઆત કરવામાં આવી છે. આ રજૂઆતને લઈને પાનમ સિંચાઈ વિભાગ દ્વારા સરવે કામગીરી કરવામાં આવી હોવાનું પાનમ સિંચાઈ વિભાગ દ્વારા હાલ જણાવવામાં આવી રહ્યું છે. જેથી ખેડૂતોની માંગણી આગામી દિવસોમાં સંતોષાય એવું જણાઈ રહ્યું છે.

# પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પક્ષના પૂર્વ નેતાના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજી



ગોધરા,

પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિધાનસભાના વિરોધ પક્ષના પૂર્વ નેતા સુખરામભાઈ રાઠવાના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જેમાં રાહુલ ગાંધી પ્રજાના પ્રશ્નોને લઈને લડી રહ્યા છે. તે લડાઈને લઈને ભારતીય જનતા પાર્ટી દ્વારા તેને ગેરમાર્ગે દોરી એક કાનૂની પ્રક્રિયા ઊભી કરીને તેમનું સભ્યપદ રદ કરવાની જે વાત છે. તેની સામે કોંગ્રેસ હંમેશા દ્રઢતા સાથે કોંગ્રેસ આગળ આવીને લડાઈ લડશે. આવનાર સમયમાં કોંગ્રેસ પ્રજા વચ્ચે જઈને આમ જનતાની મુશ્કેલી સમસ્યા સામે સરકારના પ્રયાસો દેશમાં જે રીતે બેંકો એલઆઈસી જે હાલત છે. અદાણીના આયોજનના કારણે દેશને આર્થિક નુકશાન કર્યું છે. જેને રાહુલ ગાંધી આ પ્રશ્નને લઈને લડાઈ લડાઈ રહ્યા છે, પરંતુ જે રીતના ભારતીય જનતા પાર્ટીના શાસન દ્વારા રાહુલ ગાંધીને દબાવવા તેમનું સભ્યપદ રદ કરવા જે પ્રક્રિયા થાય છે તેનો સખત વિરોધ કરવામાં આવ્યો છે.

આવનાર સમયમાં આજ પ્રશ્નને લઈને રસ્તા ઉપર ઉતારવાના છે અને પ્રજાના પ્રશ્નોને અમે દ્રઢતાથી કામ કરી અને રાહુલ ગાંધી સામેની આ લડાઈ છે અને એમની જે નુકશાન પહોંચાડવાની વાત છે. તેની સામે કોંગ્રેસ બેસી નહીં રહે કોંગ્રેસે સ્વતંત્રને લડાઈ લડી છે અને અનેક પ્રશ્નો અને અનેક મુશ્કેલીઓમાંથી બહાર આવી છે. તે રીતે મેદાનમાં ઉતરી બહાર આવશે આ કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટી, હિમાંશુ પંડ્યા, ઉમેશભાઈ શાહ, આબીદ શેખ, સિદ્દીક ચલાલીવાલા સહિત કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરવા(હ) વિનિયન કોલેજ વિદ્યાર્થીઓન એન્યુઅલ ડે ઉજવણી મુદ્દે તાળાબંધી કરી



મોરવા(હ),

મોરવા હડફની સરકારી વિનિયન કોલેજને વિદ્યાર્થીઓ તાળાબંધી કરી છે. એન્યુઅલ ડે ની ઉજવણીના મુદ્દે વિદ્યાર્થીઓ કોલેજ મેનેજમેન્ટ સામે રોષે ભરાયા હતા.

વિદ્યાર્થીઓ પાસે એન્યુઅલ ડે ઉજવણી માટે દર સેમિસ્ટર માં નાણાં લેવા છતાં યોગ્ય કાર્યક્રમ નહિ થવા દેવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. કોલેજના સંચાલકોએ એન્યુઅલ ડે ની ઉજવણી કરવા માટે રોજ નવી તારીખ આપવામાં આવતા વાયદા થી વિદ્યાર્થીઓમાં આક્રોશ ભરાયા હતા. વિદ્યાર્થીઓ એ તાળાબંધી કરતાં પોલીસ આવી પરંતુ વિદ્યાર્થીઓ પોતાની જીદ ઉપર અડગ જોવાતા પોલીસ પરત થઈ હતી. વિદ્યાર્થીઓને એન્યુઅલ ડે ની ઉજવણી માટે કોલેજ સંચાલકો કોરોના ગાઈડલાઈન મુજબ સૂચના કરવા આપી રહ્યા છે. હાલ સરકારની કોઈ કોરોનાને લઈ સોશ્યલ ડિસ્ટન્સ માટે ગાઈડલાઈન બહાર પાડવામાં આવી નથી. અમને ખુલ્લામાં જ ઉજવણી કરવા દેવામાં આવે એવી વિદ્યાર્થીઓની માંગ કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓએ બે પ્રોફેસરને પણ અંદર પ્રવેશવા દીધા નહિ અને પ્રિન્સિપાલ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યારે આ મામલો ક્યારે હવે સમાધાનમાં આવશે અને કોલેજ શું નિર્ણય લેશે એ જોવાનું રહ્યું.

# પંચમહાલ જીલ્લા પંચાયતની સામાન્ય સભામાં ૨૦૨૩-૨૪નું ૧૫૦ કરોડનું બજેટ મંજુર કરાયું

ગોધરા,

ગોધરા ખાતે આજ રોજ પંચમહાલ જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા મળી હતી. જે સભામાં જિલ્લા પંચાયતનાં આગામી નાણાકીય વર્ષના બજેટ માટે હોદેદારો દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૧૫૦ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું. જેમાં રૂ.૪૩ કરોડનું પુરાંતવાળુ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

ગોધરા ખાતે આજરોજ પંચમહાલ જિલ્લા પંચાયતની ગોધરા ખાતે ખાસ સામાન્ય સભા મળી હતી. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીઆ તેમજ સબંધિત અન્ય અધિકારીઓ અને હોદેદારો જોડાયા હતા.આગામી નાણાકીય વર્ષના બજેટ માટે ખાસ સામાન્ય સભા યોજાઈ હતી. જે સભામાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૧૫૦ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું. જેમાં રૂ.૪૩ કરોડનું પુરાંતવાળુ બજેટ ને ઉપસ્થિત હોદેદારો દ્વારા સર્વાનુમતે થી મંજૂર કરવામાં આવ્યું હતું.

# હાલોલ બસ સ્ટેન્ડ પાસે કાર ચાલકની નજર ચુકવી બેગની ઉઠાંતરી કરતાં ભિક્ષુક બાળક સીસીટીવીમાં કેદ થયો



હાલોલ,

હાલોલ બસ સ્ટેન્ડ પાસે કાર ચાલકનું ધ્યાન ભટકાવીને ભિક્ષુક હાલતમાં ફરતા બાળકે ધોળે દિવસે બેગની ઉઠાંતરી કરી. આ ઘટના સીસી ટીવીમાં કેદ થઈ.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ બસ સ્ટેન્ડ પાસે શાળાના શિક્ષક કાર લઈ સાઈડમાં ઉભા હતા. ત્યારે ભિક્ષુક હાલતમાં ફરતા બાળકે કાર ચાલકને તમારી કાર માંથી ઓઈલ ટપકતું હોવાનું જણાવ્યું હતું. જેથી કાર ચાલક નીચે ઉતરીને ચેક કરતા હતા. દરમિયાન ભિક્ષુક બાળકે કાર ચાલકની નજર ચુકવીને કાર માંથી બેગની ઉઠાંતરી કરી ભાગતો હોવાનું દ્રશ્ય સીસી ટીવીમાં કેદ થયા છે. હાલોલમાં ભિક્ષુક બાળકે બેગની ઉઠાંતરી કરતો કિસ્સો સામે આવ્યો ત્યારે આવા બનાવો ન બને તે માટે પોલીસ સતર્ક બને તે જરૂરી છે. કાર ચાલક શિક્ષકની બેગની બાળકે ઉઠાંતરી કરીને બેગમાં બોર્ડની પરીક્ષાને લગતા મહત્વના દસ્તાવેજો હોવાથી આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ કરી.

# ગોધરામાં રામનવમી અને રમજાન માસને લઈ પોલીસે ફલેગ માર્ચ યોજી

ગોધરા,

આગામી દિવસોમાં રામનવમી અને મહાવીર જયંતિ અને હાલમાં ચાલી રહેલા પવિત્ર રમજાન માસને લઈને ગોધરા શહેર બી ડિવિઝન પોલીસના સ્ટાફ દ્વારા ગોધરા શહેરમાં ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી. જેમાં ગોધરા શહેરના બી ડિવિઝન પોલીસ મથકથી ફ્લેગ માર્ચની શરૂઆત કરી હતી. જે ગોધરા શહેરના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થઈ હતી.

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઇ.રાજીવકુમાર સંગાડા એલ.સી.બી.પી.આઇ.એન એલ દેસાઈ સહિત પીએસઆઇ અને પોલીસ સ્ટાફ દ્વારા આગામી રામનવમી તથા મહાવીર જયંતિ તથા હાલ ચાલી રહેલા રમજાન માસને લઈને ગોધરા શહેરમાં ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી. જેમાં દરેક આવનાર તહેવારોમાં કોઈ અનિચ્છનિય બનાવ ના બને અને કોમી એકતાથી અને ભાઈચારા થી દરેક તહેવાર ઉજવાશે તેવા ઉમદા હેતુથી ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

**રામનવમી, મહાવીર જયંતી અને રમજાન માસને લઈને પોલીસની ફ્લેગ માર્ચ યોજાઈ. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા અપીલ. આગામી દિવસોમાં રામનવમી, મહાવીર જયંતી અને હાલમાં ચાલી રહેલા રમજાન માસને લઈને રાજગઢ પી.એસ.આઈ એમ.એલ.ગોહિલા, પોલીસ સ્ટાપ તથા હોમગાર્ડ યુનિટ દ્વારા ઘોઘંબા નગર ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી. જેમાં ઘોઘંબા હાઈસ્કુલ થી ફેલગમાર્ચ શરૂ કરી ઘોઘંબા નગરમાં મુખ્ય માર્ગ ઉપર ફેરવામાં આવી હતી.**

# પાવાગઢ યાત્રાધામ ખાતે અમદાવાદ પગપાળા સંઘ માતાજીના મંદિર પહોંચી દર્શન કર્યા



પાવાગઢ,

પાવાગઢ યાત્રાધામ ખાતે અમદાવાદના માઈ ભકતો પગપાળા સંઘ સાથે માતાજીના દર્શને આવી માતાજીના દર્શન કર્યા.

પાવાગઢ યાત્રાધામ ખાતે અમદાવાદના માઈ ભકતો માતાજીની ધજા સાથે ડી.જે.ના તાલે પગપાળા દર્શન માટે પાવાગઢ આવ્યા હતા. આ માઈ ભકતો છેલ્લા ૧૫ વર્ષથી પાવાગઢ ખાતે માતાજીના દર્શન માટે પગપાળા સંઘ લઈ આવે છે. માઈ ભકતો ગરમી કે અન્ય કોઈપણ ચિંતા વગર અબાલ વૃદ્ધ અને બાળકો સાથે પગપાળા સંઘ આવે છે. આજે અમદાવાદના માઈ ભકતોનો સંઘ પાવાગઢ મંદિરે પહોંચી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી છે.

# હાલોલના તલાવડી ચોકડી પાસે ગાડીમાં લઈ જવાતા વિદેશી દારૂ સાથે ઈસમ ઝડપ્યો

હાલોલ,

હાલોલ તાલુકાના તલાવડી ચોકડી પાવાગઢ પોલીસના ચેકીંગ દરમ્યાન બર્ગમેન ગાડી ઉપર લઈ જવાતો ઈંગ્લીશ દારૂ બીયર મળી કુલ ૫૬,૫૬૨/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઈસમને પોલીસે ઝડપી પાડયો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના તલાવડી ચોકડી પાવાગઢ પોલીસના ચેકીંગ દરમિયાન પસાર થતી બર્ગમેન ગાડી નં. જીજે.એમ.૦૯૭૮ને રોકી હતી. ગાડી ઉપર રાખેલ મુદ્દામાલ ચેકીંગ કરતાં વિદેશી દારૂ પ્લાસ્ટીકના હોલ નંગ-૫૪ કિંમત ૨૧,૭૬૨/-રૂપીયા, બિયર પેટી નંગ-૨ કિંમત ૪,૮૦૦/-રૂપીયા, ગાડી ૩૦,૦૦૦/-રૂપીયા મળી ૫૬,૫૬૨/-રૂપીયાના મુદ્દામાલ સાથે ચિંતન લક્ષ્મણભાઈ રાઠવા (રહે. જામવા તા. પાવી જેતપુર)ને ઝડપી પાડયો. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાઈ.

# કાલોલના ગોકળપુરા ગામેથી સ્ટેટ મોનીટરીંગ સેલ ૧૨,૬૫૦/-રૂા. વિદેશી દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

કાલોલ,

કાલોલ તાલુકાના ગોકળપુરા નિશાળ ફળીયામાં આરોપી રહેણાંક મકાનની પાછળ વિદેશી દારૂનો જથ્થો લાવી કટીંગ કરતા હોય તે સ્થળે સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે રેઈડ કરી હતી. વિદેશી દારૂની બોટલો નંગ-૧૧૮ કિંમત ૧૨,૬૫૦/-રૂપીયા સહિતના ૭૬,૦૫૦/-ના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ગોકળપુરા ગામે રહેતા અજય અર્જુનસિંહ સોલંકી (રહે. વાવડી ગામ તા.ગોધરા) સુરેશ રયજીભાઈ રાઠોડ (ગોકળપુરા તા. કાલોલ) સંજય ઉર્ફે કોલી નટુભાઈ રાઠોડ (ગોકળપુરા) પોતાના ઘરની પાછળ કોઈ વાહનમાં વિદેશી દારૂ લાવીને વેચાણ માટે આપતો હોય તેવી બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ-૧૧૯ કિંમત ૧૨,૬૫૦/-રૂપીયા, મોબાઈલ ફોન-૩ દારૂના વેચાણના રૂપીયા અને વાહન મળી કુલ ૭૬,૦૫૦/-રૂપીયાના અજય અર્જુનસિંહ સોલંકીને ઝડપી પાડવામાં આવ્યો. જ્યારે બે આરોપીઓ નાશી છુટતાં વોન્ટેડ જાહેર કરાયા. આ બાબતે કાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુન્હો નોંધાવા પામ્યો.

# કોમર્સ કોલેજ ગોધરાની NSS વાર્ષિક શિબિરનો પ્રારંભ

ગોધરા,

પ્રાથમિક શાળા વાવડી બુઝુર્ગ તાલુકો ગોધરા ખાતે શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ એકમની વાર્ષિક શિબિરનો શુભારંભ શિબિરના અધ્યક્ષ અને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના એનએસએસના કોર્ડીનેટર ડો. નરસિંહભાઈ પટેલ, વાવડી બુઝર્ગ પ્રાથમિક શાળાના આચાર્ય અને શિબિરના મુખ્ય મહેમાન તેવા ભાવેશભાઈ પટેલની ખાસ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જેમાં એનએસએસના ૬૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આ પ્રસંગે ઉપસ્થિત એનએસએસના કોર્ડીનેટર અને આ સમારંભના ઉદ્દઘાટક ડો. નરસિંહભાઈ પટેલે જણાવ્યું હતું કે, એન એસ એસ એ માત્ર શિક્ષણ કે સેવા જ નથી એ જીવન જીવવાની કળા છે, હું નહીં પરંતુ તમે... નોટ મી બટ યુ ...એ ઉક્તિને સાર્થક કરતા એનએસએસના સ્વયંસેવકો આખા સમાજમાં આગવા કરી આવવાની ક્ષમતા ધરાવે છે. ત્યારે આ એનએસએસ દ્વારા પોતાનું જીવન ઘડવા અને સમાજમાં પોતાનું અને પોતાની કોલેજનું નામ ઉજાગર કરવા તેમણે વિદ્યાર્થીઓને અવનવા ઉદાહરણ સાથે હળવી શૈલીમાં શીખ આપી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાન અને પ્રાથમિક શાળા વાવડીના આચાર્ય ભાવેશભાઈ પટેલે કહ્યું હતું કે, આપણે દરેક જગ્યાએથી ક્યાંકને ક્યાંક શિખતા રહેવું જોઈએ, યુવાનો કેવી રીતે વર્તે છે, વડીલો કેવી રીતે વર્તે છે. તેમનું વર્તન જોઈને આપણામાં પોઝિટિવ વિચાર આવે એ જ આપણી સાચા વિદ્યાર્થીની ઓળખ છે. ત્યારે વિદ્યાર્થી તરીકે સારૂં જ્ઞાન, સાચું જ્ઞાન મેળવી તમે સેવાકીય ક્ષેત્રમાં આગળ વધો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે કુમારી મુસ્કાન શેખ દ્વારા મધુર પ્રાર્થના રજુ કરવામાં આવી હતી. એનએસએસના સ્વયંસેવકો એ સફાઈ અભિયાન થી આખા કાર્યક્રમની શરૂઆત કરી હતી અને આગામી સમયમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓ ગામડાના છેવાડાના લોકો સુધી પહોંચે એવો કાર્યક્રમ કરવાનો નિર્ધાર એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડો. અરૂણસિંહ સોલંકી એ જણાવ્યું હતું.

# પંચમહાલ જિલ્લામાં પોષણ અભિયાન અંતર્ગત પોષણ પખવાડિયાની ઉજવણી કરાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં પોષણ અભિયાન અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં પોષણ-સુખાકારી માટે મિલેટ, સ્વસ્થ બાળક સ્પર્ધા અને સક્ષમ આંગણવાડીની થીમો આધારિત પોષણ પખવાડિયાની ઉજવણી હાથ ધરાઈ છે.

પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયાના અધ્યક્ષ પદે જિલ્લા કલેકટર કચેરી સભાખંડ ગોધરા ખાતે પોષણ અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારીએ ઉકત બેઠકને સંબોધતા જણાવ્યુ હતુ કે,મહિલા અને બાળક વિકાસ મંત્રાલય શ્રીધાન્ય મિલેટને લોકપ્રિય બનાવવા માટે વિવિધ પગલા લઈ રહ્યુ છે. માર્ચ-એપ્રિલ ૨૦૨૩ની આ ઉજવણી અંતર્ગત પોષણ પખવાડિયા મિલેટના પોષક લાભો વિશેની માહિતી જન સમુદાયો સુધી પહોંચાડવા અને તેમને સંવેદનશીલ બનાવવા માટે યોગ્ય પ્લેટફોર્મ બની રહેશે. આ ઉજવણી વિવિધ થીમો આધારિત ઉજવાશે. જેમાં પોષણ-સુખાકારી માટે મિલેટ સ્વસ્થ બાળક સ્પર્ધા અને સક્ષમ આંગણવાડીનો પણ સમાવેશ કરાયો છે. તેમ જણાવ્યુ હતુ. આ બેઠકમાં જિલ્લા પ્રોગ્રામ ઓફિસર રમીલાબેન ચૌધરી દ્વારા પ્રેઝેન્ટેશન રજુ કરાઈને વિસ્તૃત માહિતી રજુ કરાઈ હતી. જેમાં આંગણવાડી કેન્દ્ર ખાતે મિલેટ આધારિત વાનગી/રેસીપી સ્પર્ધા, મિલેટ અને બેકયાર્ડ કિચન ગાર્ડનને પ્રોત્સાહન આપવાની ઝુંબેશ, મિલેટના લાભો અંગે સંસ્થાઓ, કાર્યકર્તાઓ અને સમુદાયોને સંવેદનશીલ બનાવવાની ઝુંબેશ, કુપોષણ નાબુદ કરવામાં મિલેટની ભુમિકા વિષય પર કેન્દ્રિત નિબંધ, પ્રશ્નોત્તરી(ક્વિઝ)અથવા ચિત્ર સ્પર્ધા, મિલેટ અને કિશોરીઓના સ્વાસ્થ્યને સ્પર્શતો કિશોરીઓ માટેનો જાગૃતિ કાર્યક્રમ, શાળા કક્ષાએ મિલેટ મેળા, મિલેટ આધારિત તંદુરસ્ત આહાર પ્રથાઓ (પ્રાદેશિક અને ઋતુગત)પર જાગૃત શિબિર, જીવનશૈલી આધારિત રોગોની અટકાયત માટે જીવનશૈલીમાં ફેરફાર અને તેમાં મિલેટની ભુમિકા અંગે જાગૃતિ અભિયાન, મિલેટના રોજીંદા ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરી સગર્ભા અને ધાત્રી માતાઓ માટે વિવિધ આરોગ્ય સુવિધાઓ પર આહાર પરામર્શ કેમ્પનુ આયોજન કરવાના સહિતની માહિતી રજુ કરાઈ હતી. આ બેઠકમાં જિલ્લા આરોગ્ય અધિકારી ચૌધરી દ્વારા મિલેટ ધાન્યોના ઉપયોગથી થતા ફાયદા અંતે જિલ્લા વિકાસ અધિકારી સહિત અમલીકરણ અધિકારીઓએ પોષણ અંગેના શપથ લીધા હતા.

# જાંબુઘોડા અભ્યારણ્યમાં વસતા ૬૫ યુવાનોને ફિલ્ડ ગાઈડ ટ્રેનિંગ અપાઈ

જાંબુઘોડા,

વન્ય પ્રાણી વિભાગ વડોદરાના જાંબુઘોડા અભ્યારણ્યમાં વસવાટ કરતા આદિવાસીઓને વન્ય જીવ તેમજ વન્ય પેદાશો, અબોલ જીવો વ્સહિત વન્ય પેદાશોમાંથી કઈ રીતે કમાણી થઈ શકે અને વન્ય જીવનુ રક્ષણ કઈ રીતે કરવુ વગેરે બાબતની ખુબ જ સુંદર માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે સ્થાનિક વન વિભાગના આર.એફ.ઓ.મનોજ કુમાર તાવિયાડ સહિતનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

સમગ્ર મામલે તારીકભાઈ કુરેશી તેમજ વિશાલભાઈ ઠાકોર દ્વારા અભ્યારણ્ય વિસ્તારના ઉપસ્થિત ૬૫ જેટલા શિક્ષિત આદિવાસી યુવાનોને વન્ય જીવ સાથેના સંબંધો અંગે તેમજ અત્રે અભ્યારણ્યમાં આવતા પ્રવાસીઓ અંગે ખુબ જ સુંદર માહિતી આપી હતી. અને અત્રે અભ્યારણ્યમાં વસવાટ કરતા આદિવાસીઓને વન્યજીવ બચાવ કામગીરીમાં ભાગીદાર બનવા અને વન્ય પ્રાણીઓ સાથેના વર્તન અંગે માહિતગાર કર્યા હતા. સાથે સાથે પ્રવાસન પ્રવૃત્તિમાં વન વિભાગના ટુરીઝમ ખાતે પોતાની સંસ્કૃતિ વિરાસતની જાળવણી અને તેનુ વિસ્તરણ કરવુ અને અત્રે આવતા પ્રવાસીઓને શનિ-રવિ પોતાની સંસ્કૃતિ અને પોતાની વિરાસત સાથે સંગીત અને લોકનૃત્ય પ્રસ્તુત કરી તેમાંથી પણ કમાણી મેળવી શકાય છે. તેમ જણાવ્યુ હતુ વધુમાં તેઓ જણાવ્યુ હતુ કે, જાંબુઘોડા અભ્યારણ્યમાં આવેલા ઈકો ટુરીઝમોની આસપાસના જોવાલાયક સ્થળો તેમજ વિસ્તારમાં આવેલા આદિવાસી ગામોના પીઠોરા ચિત્ર બતાવવા તેમજ આદિવાસી વિસ્તારોમાં વાંસળી વગાડી તેમજ ઢોલ વગાડી પ્રવાસીઓ અત્રે આકર્ષાય તેવી કામગીરી કરવી તેમજ વનવિભાગના વનકર્મીઓ સાથે મળી અત્રે ગાઈડની કામગીરી કરી તેમાંથી પણ કમાણી કરી શકાય તે અંગેની માહિતી આપી હતી અને અભ્યારણ્ય વિસ્તારમાં આવતા પ્રવાસીઓને કઈ રીતે હેન્ડલ કરવા તે અંગેની ખુબ જ સુંદર માહિતી બંને વાઈલ્ડ લાઈફ એકસપર્ટ દ્વારા આપવામાં આવી હતી.